सत्यमेव जयते

કેસ પ્રાપ્તિ તારીખ : ૧૩–૦૯–૨૦૨૪
કેસ દાખલ તારીખ : ૧૩–૦૯–૨૦૨૪
કેસ નિર્ણીત તારીખ: ૦૧–૦૪–૨૦૨૬
અવધી : ૦૧ વર્ષ ૦૬ માસ ૧૮ દિવસ.

## પોરબંદરના મ્હે. સ્પેશ્યલ (ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ) જજ સાહેબની અદાલતમાં

આંક–૮૫

સ્પે. (પોકસો) કેસ નં. ૨૬/૨૦૨૪

ધી સ્ટેટ ઓફ ગુજરાત .......... ફરીયાદી.

**વિરુધ્ધ**

કપીલકુમાર દેવાભાઈ ચુડાસમા,
ઉ.વ. ૨૦,
રહે, શલ ગામ ખારેજાપે,,
તા. માંગરોળ, જી. જુનાગઢ. .......... આરોપી.

ગુન્હો :– આઈ.પી.સી. કલમ–૩૭૬(૨)(જે)(એન), ૪૪૭, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબ.

---

**ફરીયાદ પક્ષે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા.**
**આરોપીપક્ષે વિ.વકીલશ્રી ડી.એન. અપારનાથી.**

---

## –:: <u>ચુકાદો</u> ::–

(૧) પોકસો એકટના કાયદાની કલમ–૩૩(૭) તથા કલમ–૩૭ ના પ્રબંધો મુજબ ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ જાહેર થવી ન જોઈએ. જેથી આ ચુકાદામાં ભોગ બનનાર બાળકનું નામ જાહેર કરેલ નથી અને બાળકના નામને બદલે બાળકને '' ભોગ બનનાર '' તરીકે સંબોધવામાં આવેલ છે.

તથા ટ્રાયલ ઈન–કેમેરા ચલાવવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપી વિરુધ્ધ માધવપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરીયાદ આધારે ગુ.ર.નં.પાર્ટ બી–૧૧૨૧૮૦૧૭૨૪૦૧૯૦/૨૦૨૪થી આઈ. પી. સી. કલમ–૩૭૬(૨) (જે) (એન), ૪૪૭, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઇલ કરતાં હાલનો સ્પેશ્યલ કેસ ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદ પક્ષનો કેસ :**

(૩) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર જેની ઉંમર ૧૭ વર્ષ છે તેને આ કામના આરોપીએ ગઈ તા. ૧૫–૪–૨૦૨૪ થી તા. ૩૦–૪–૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન માધવપુર ગામે કોરવા વિસ્તારમાં ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદીના ઘરમાં રાત્રીના સમયે પ્રવેશ કરી તેની સગીર વયની દિકરી ભોગ બનનારને ડરાવી ધમકાવી ભોગ બનનારની મરજી વિરુધ્ધ એકથી વધારે વખત શરીર સબંધ બાંધી જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને ભોગ બનનાર સાથે પ્રવેશ જાતીય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરી ગુનો કરેલ છે તે મતલબના આક્ષેપ સાથે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલ છે.

**પોલીસ તપાસ :**

(૪) ફરીયાદી ધ્વારા ઉપરોકત હકીકતે માધવપુર પોલીસ સ્ટેશનમાં

પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ અને ફરીયાદ આધારે ગુ.ર.નં.–૧૧૨૧ ૮૦૧૭૨૪૦૧૯૦/૨૦૨૪ થી આઈ. પી. સી. કલમ–૩૭૬(૨) (જે) (એન), ૪૪૭, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, જરુરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહીના અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ. જે અત્રેની અદાલત ધ્વારા રજીસ્ટરે લઇ સ્પે. કેસ નં. ૨૯/૨૦૨૪ થી નોંધવામાં આવેલ છે.

**ચાર્જ અને પ્લી :**

(૫) આરોપીને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રફી ધ્વારા આંક–૧૩ થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીને વાંચી સંભળાવી, સમજાવતા આરોપીએ પોતાના આંક–૧૪ ના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકીલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતુ અને તેથી ત્યારબાદ આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**ફરીયાદ પક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :**

(૬) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

## મૌખિક પુરાવા :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો. | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | –– | ૨૫ |
| ૨. | લાભુબેન ઉકાભાઈ સગારકા | ફરીયાદી | ૩૦ |
| ૩. | ડો. દક્ષાબેન ભોજાભાઈ પરમાર | મેડીકલ ઓફીસર | ૩૨ |
| ૪. | ડો. હેતલબેન કિશોરભાઈ ચાંદેગરા | મેડીકલ ઓફીસર | ૩૭ |
| ૫. | એભાભાઈ કરશનભાઈ પરમાર | પંચ સાહેદ | ૪૮ |
| ૬. | રવેસિંહ વજુભાઈ મોરી | પોલીસ સાહેદ | ૫૯ |
| ૭. | જીવીબેન હાજાભાઈ કડછા | પોલીસ સાહેદ | ૬૨ |
| ૮. | સુભાષભાઈ સવજીભાઈ ગામેતી | ત.ક.અ. | ૬૬ |

## દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ ભોગ બનનારનુ નિવેદન | ૨૬ |
| ૨. | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર | ૨૭/૨૮ |
| ૩. | ફરીયાદ | ૩૧ |
| ૪. | પોલીસ યાદી | ૩૩ |
| ૫. | ઓપીડી કેસ પેપર્સ | ૩૪ |
| ૬. | ભોગ બનનારનું ઈન્જરી સર્ટી. | ૩૫ |
| ૭. | પોલીસ યાદી | ૩૮ |
| ૮. | ઓપીડી કેસ પેપર્સ | ૩૯ |
| ૯. | ભોગ બનનારનું સંમતીપત્રક | ૪૦ |

| | | |
|---|---|---|
| ૧૦. | ફોર્મ નં. ૨(બી) | ૪૧ |
| ૧૧. | ઈન્જરી સર્ટી. | ૪૨ |
| ૧૨. | રીફર લેટર | ૪૩ |
| ૧૩. | પોલીસ યાદી | ૪૪ |
| ૧૪. | ઓપીડી કેસ પેપર્સ | ૪૫ |
| ૧૫. | ફોર્મ નં. ૨(બી) | ૪૬ |
| ૧૬. | ઈન્જરી સર્ટી. | ૪૭ |
| ૧૭. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૪૯ |
| ૧૮. | ભોગ બનનારના કપડા કબજે લીધાનું પંચનામુ તથા મુદ્દામાલ બેગીની કાપલીઓ | ૫૦ થી ૫૪ |
| ૧૯. | આરોપીના કપડા કબજે લીધાનું પંચનામુ તથા મુદ્દામાલ બેગીની કાપલીઓ | ૫૫ થી ૫૭ |
| ૨૦. | આરોપી તથા ભોગ બનનારના સેમ્પલ કબજે લીધાનું પંચનામુ | ૫૮ |
| ૨૧. | સ્ટેશન ડાયરીની નકલ | ૬૦ |
| ૨૨. | તપાસની યાદી | ૬૧ |
| ૨૩. | વીએચએફ મેસેજ | ૬૨ |
| ૨૪. | સ્પેશ્યલ રીપોર્ટ | ૬૩ |
| ૨૫. | વીએચએફ મેસેજ | ૬૪ |
| ૨૬. | સરકારી પંચ ફાળવવા કરેલ યાદી | ૬૫ |
| ૨૭. | સરકારી પંચ ફાળવવા કરેલ યાદી | ૬૭ |
| ૨૮. | એફ.એસ.એલ. નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૭૧ |
| ૨૯. | આરોપીને અટક કરવાની યાદીષ | ૭૨ |
| ૩૦. | ભોગ બનનારની મેડી. તપાસણી કરવા કરેલ યાદી | ૭૩ |

| | | |
|---|---|---|
| ૩૧. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા કરેલ રીપોર્ટ | ૭૪ |
| ૩૨. | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઈ કરવાની યાદી | ૭૫ |
| ૩૩. | મુદ્દામાલની રવાનગી નોંધ ઓન લાઈન પત્રક | ૭૬/૭૭ |
| ૩૫. | એફ.એસ.એલ. ની પહોંચ | ૭૮ |
| ૩૬. | મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ | ૮૦ |

**આરોપીનુ વિશેષ નિવેદન :**

(૭) ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો. કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં પુરાવો તેમની હાજરી અને સાંભળતા લેવાયેલાનું સ્વીકારેલ છે તેમજ આરોપીએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, '' આ કેસમા અમોને ખોટી રીતે સંડોવી દીધેલ છે. જેથી અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.''

**ફરીયાદ પક્ષ તથા બચાવ પક્ષની દલીલ :**

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વકિલ શ્રી એસ.બી. જેઠવાએ પોતાની દલીલો કરતા જણાવેલ છે કે, આ કામના આરોપી સામે આઇ.પી.સી. કલમ–૩૭૬(૨)(જે)(એન), ૪૪૭, ૫૦૬(૨) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુન્હાનો આક્ષેપ રહેલ છે. આ કામે બનાવ સમયે ભોગ બનનાર સગીર હતાં. આ કામે ભોગ બનનારના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટ રીતે સમર્થન પ્રાપ્ત થાય છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સાથે બનેલ તમામ ઘટનાનું વિસ્તૃત વર્ણન પોતાના પુરાવામાં કરેલ છે અને આરોપી ધ્વારા કઇ રીતે સંપર્ક કેળવી અને દુષ્કૃત્ય આચરેલ છે તેની હકીકતો જણાવેલ છે અને ભોગ

બનનારના ઉપરોકત પુરાવાને ફરીયાદી કે જેઓ ભોગ બનનારના માતા છે તેના પુરાવાથી પણ સમર્થન મળે છે. વધુમાં આ કામે રજુ થયેલ અન્ય પુરાવાઓ તેમજ ભોગ બનનારના જન્મ અંગેનો દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ભોગ બનનાર બનાવ સમયે સગીર હોવાની હકીકતો પુરવાર થાય છે. આરોપીએ ભોગ બનનાર સગીર વયના હોવા છતાં કહેવાતુ કૃત્ય કરેલ છે. આ કામે મેડીકલ એવીડન્સ તથા પોલીસ સાહેદના પુરાવાથી પણ ઉપરોકત હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ ફરીયાદ પક્ષે મેડીકલ ઓફીસર તથા પોલીસ સાહેદ અને પંચનામા સ્વરુપના પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા જોઈએ તેમ જણાવે છે.

(૯) જયારે આરોપી તરફે વિ. વકીલશ્રી ડી.એન. અપારનાથીએ આંક-૮૪ થી લેખિત દલીલ રજુ કરેલ છે જે આ કેસના ન્યાય નિર્ણય સમયે વંચાણે લેવામાં આવેલ છે.

(૧૦) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફેની દલીલો તેમજ રજુ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના દિવસે બાળકી હતી એટલે કે સગીર વયની હતી ?

(૨). શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે આ કામના આરોપીએ તા. ૧૫-૪-૨૦૨૪ થી તા. ૩૦-૪-૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન માધવપુર ગામે કોરવા વિસ્તારમાં ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદીના ઘરમાં રાત્રીના સમયે

પ્રવેશ કરી તેની સગીર વયની દિકરી ભોગ બનનારને ડરાવી ધમકાવી ભોગ બનનારની મરજી વિરુધ્ધ એકથી વધારે વખત શરીર સબંધ બાંધી જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને ભોગ બનનાર સાથે પ્રવેશ જાતીય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરી આઇ.પી.સી. કલમ- ૩૭૬(૨)(જે)(એન), ૪૪૭, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૩). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણી સાથે પ્રવેશ જાતીય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરે અને તેમ કરી ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ની કલમ- ૪, ૬, ૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૪). શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**: નિ ર્ણ યો :**

૧). મુદ્દા નં. ૧ હકારમાં

૨). મુદ્દા નં. ૨ હકારમાં

૩). મુદ્દા નં. ૩ હકારમાં

૪). આખરી હુકમ મુજબ.

(૧૨) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં. ૧ :–</u>**

**ભોગ બનનારની ઉંમર અંગેનો પુરાવો :**

(૧૩) હાલના કિસ્સામાં ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. પોકસો એકટની કલમ–૨(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પૂરી ન કરી હોય તેવી કોઇ વ્યકિતને 'બાળક' કહેવાય છે.

(૧૪) ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ છે. આ સંદર્ભે પડેલ પુરાવો ધ્યાને લઇએ તો ફરીયાદ પક્ષે ભોગ બનનારને આંક–૨૫ થી તપાસેલ છે. તેમણે પોતાના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ ની હોવાનું જણાવે છે અને આંક–૨૭ થી જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.

(૧૫) ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો ભોગ બનનારે તેમના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ ની હોવાનું જણાવેલ છે ભોગ બનનારના પુરાવામાં જન્મનું પ્રમાણપત્ર કે જે આંક–૨૭ થી રજુ થયેલ છે. આ તમામ દસ્તાવેજોમાં ભોગ બનનારની જન્મ તારીખ ૧૩–૧૧–૨૦૦૬ ની દર્શાવેલ છે. ભોગ બનનાર તથા ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તેઓએ પણ પોતાની જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ ની હોવાનું જણાવેલ છે. ભોગ બનનારની સદર જન્મ તારીખ નહી હોવા બાબતે કોઇ પુરાવો રેકર્ડ પર બચાવપક્ષ તરફે આપવામાં આવેલ નથી. ભોગ બનનારની જન્મ તારીખ બાબતે તેઓને ઉલટ તપાસમાં કોઇ પ્રશ્નો પુછવામાં

આવેલ નથી. જેથી સદર ભોગ બનનારની જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ હોવાનું માની શકાય અને સદર જન્મ તારીખ ન હોવા સબંધે કોઇ પુરાવો બચાવપક્ષ તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી તેમજ ઉલટ તપાસમાં સદર પુરાવા બાબતે કોઇ પ્રશ્નો પુછેલ ન હોય સદર જન્મ તારીખ અંગે કોઇ તકરાર પણ લેવામાં આવેલ નથી અને ગર્ભિત રીતે બચાવપક્ષે ભોગ બનનાર સદર જન્મ તારીખ સ્વીકૃત હોવાનું જણાય છે. તેમ છતાં સાથેસાથે ભોગ બનનારની ઉંમર બાબતે કાનુની પ્રબંધો કરવામાં આવેલ છે અને નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા જે સિધ્ધાંતો આ મુદ્દા બાબતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તેની અત્રે નોંધ કરવી જરુરી છે જે નીચે મુજબ વાાંચી શકાય છે.

Section 94(2) Juvenile Justice Act Description

2. In case, the reasonable committee grounds for or the doubt Board as regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the process case of may age be, shall undertake determination, by the seeking evidence by obtaining ––

(i) the date of birth certificate from the school, or the equivalent concerned available matriculation certificate examination; and in or from the Board, if the absence thereof ;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat ;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the Committee or the orders Board of the shall be

completed within fifteen days from thedate of such order.

ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ ના કાનુની પ્રબંધો ધ્યાને લેતા હવે તેની સાથે પોકસો એકટની કલમ–૩૪ ના કાનુની પ્રબંધો પણ ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ વાંચી શકાય છે.

**SECTION :- 34**

Procedure in case of commission of offence by child and determination of age any under by Special Court.-

(1) Where offence this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the [the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2 of 2016)

(2) If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined satisfying by the itself Special court about the age of after such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section (2) was not the correct age of that person.

હવે ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અને પોકસો એકટની કલમ–૩૪ ના કાનુની પ્રબંધો ધ્યાને લેતાં તેમાં

અનુક્રમે જુવેનાઈલ અને વિકટીમની ઉંમર નકકી કરવા બાબતે કાનુની પ્રબંધો ઠરાવવામાં આવેલ છે. હવે આ બાબતે આ મુદ્દાસર નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે પણ અત્રે ઘ્યાને લેવા જરૂરી છે. જેમાં સર્વ પ્રથમ નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ૨૦૧૩ (૭) એસ .સી.સી. ૨૬૩ જરનેલ સીંઘ વિરુદ ઘ સ્ટેટ ઓફ હરીયાણાનો ચુકાદો ઘ્યાને લેતાં તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલ છે કે,

20. On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile Justice (Care and Protection (hereinafter Rules). been The framed Juvenile of Children) referred aforestated under Justice to as 2007 Section (Care Rules, and 2007 the 2007 Rules have 68(1) of Protection the of Children) Act, 2000. Rule 12 referred to hereinabove reads as under :

"12. Procedure to be followed in determination of Age.-

(1) a child or a In every case concerning juvenile in conflict with law, the court or the Board case age of as the may be the Committee referred to in rule 19 of these rules shall determine the such juvenile or child or a juvenile in conflict with law within a period of thirty days from the date of making of the application for that purpose.

(2) The court or the Board or as the case máy be the Committee shall the decide the juvenility or otherwise of

the juvenile or the child OI as case may be the juvenile in conflict with law, prima facie on the basis of physical appearance or documents, if available, and send him to the observation home or in jail.

(3) In every case concerning a child OI the age juvenile in conflict with law, determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining

(a) (1) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

the (b) and only in the absence of either (i)., (ii) or (iii) of clause (a) above, medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact [assessment of the age cannot be done, the Court or the Board or, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child juvenile by considering his/her age on lower side within the margin of one year. or or the and, while passing orders in

such case shall, after taking into consideration such evidence as may be available, medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the clauses in the (a) (i), (11), (111) absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

on (4) If the age of a juvenile or child or the juvenile in conflict with law is found to be below 18 years on the date of offence, the basis of any of the conclusive proof specified in sub-rule (3), the court or the Board or as the case may be the Committee shall in writing pass an order stating the age and declaring the status of juvenility or otherwise, for the purpose of the Act and these rules and a copy of the order shall be given to such concerned. juvenile or the person I (5)Save and except where, further inquiry or otherwise is required, inter alia, in terms of section 7A, section 64 of the Act and these rules, no further inquiry shall be conducted by the court or the Board after examining and obtaining the certificate or any other documentary proof referred to in sub-rule (3) of this rule.

(6)The provisions contained in this rule shall also apply to those disposed off cases, where the status of juvenility has

not been determined in accordance with the provisions contained in sub-rule(3) and the Act, requiring dispensation of the sentence under the Act for passing appropriate order in the interest of the juvenile in conflict with law."

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, determine the age prosecutrix VW-PW6. The manner determining age conclusively, has been to expressed in extracted provision, of sub-rule (3) of Rule Under of the a the of 12 aforesaid child is above. the age ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12 (3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. the Rule 12(3),

matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, Rule In scheme of 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. the date of In case such an entry of date of birth is available, birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12 (3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion.

ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના તાજેતરનો ચુકાદો 2023 (0) AIDEL-SC 71210 SUPREME COURT, Criminal Appeal No1898 of 2023, P. Yuvaprakash Versus Rep. By Inspector Of Police ના ચુકાદામાં આ બાબતે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લઈએ તો

નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે,

POCSO determination of age only in absence of birth certificate, age shall be determined by ossification test or any other latest medical age determination test conducted on orders of Committee or Board.

(a) Juvenile Sustice (Care and Protection S. 94 Protection of Children) Act, 2015 of Children from Sexual Offences, Act, 2012 test S. 10, 34 Indian Penal Code, 1860 S. 350, 351, 366, 506 determination of age of victim under POCSO Act ossification wherever dispute with respect to age of a person arises in context of her or him being a victim under POCSO Act, courts have to take recourse to steps indicated in S. 94 of JJ Act S. 94 (2) (iii) of JJ Act clearly indicates that date of birth certificate from school or matriculation or equivalent certificate by concerned examination board has to be firstly preferred in absence of which birth certificate issued by Corporation OΣ Municipal Authority or Panchayat and it is only thereafter in absence of these such documents age is to be determined through "an ossification test" or "any other latest medical age determination test" conducted prders of concerned authority, i.e. Committee or Board or Court. (Para 13,14)

આમ કાયદાના ઉપરોકત પ્રબંધોતથા નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદપક્ષે ભોગ બનનારની જન્મ તારીખ

પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે ભોગ બનનારનું તલાટી કમ મંત્રીશ્રી દોલતગઢ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ જન્મ પ્રમાણપત્ર જે આંક–૨૭ થી રજુ કરવામાં આવેલ છે તેમાં પણ ભોગ બનનારની જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ છે. આમ ભોગ બનનારની જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ હોવાનું પુરવાર થાય છે. સદર કેસમાં બનાવ તા. ૧૫–૪–૨૦૨૪ ના રોજ બનેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. જેથી ફરીયાદની તારીખે સદર ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ ૦૯ મહીના અને ૦૧ ની હોવાનું પુરવાર થાય છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતાં તેવી હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. **જેથી મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**મુદા નં. ૨ થી ૪ :**

(૧૬) આ કામમાં ફરીયાદ પક્ષના આક્ષેપિત બનાવ અંગેની સાચી અને ખરી હકીકતોનો સૌથી સારો પુરાવો ફકત ભોગ બનનાર જ આપી શકે. આ હકીકતના સંદર્ભમાં ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૨૫ થી ભોગ બનનારને તપાસેલ છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેતા જણાવે છે કે,

અમારી બાજુ દક્ષાબેન રહે છે. હું દક્ષાબેનને મામી કહીને બોલાવુ છુ. મારે તેના ઘરે જવાનું થતુ નહી, પહેલાં જતાં હતા. દક્ષાબેનના ભાઈનું નામ કપીલ(આરોપી) છે. તે પહેલાંથી ત્યાં આવતો જતો હતો. અમારે એકબીજાને દક્ષાબેનના ઘરે આવીએ ત્યારે રૂબરૂ મળવાનું થતુ હતુ. દક્ષાબેન પહેલાં તેના ઘરે બોલાવતા અને તેના ફોનમાંથી વાત કરવાનું કહેતા હતા.

બનાવના એક વર્ષ પહેલાં મારા મમ્મી પપ્પા અમારા કુટુંબમાં મરણ થઈ ગયેલ ત્યાં ક્રિયામાં ગયેલા અને રાત્ર રોકાયેલ હતા. ત્યારે રાત્રીના મારા

ઘરે કપીલને દક્ષાબેનએ બોલાવેલ હતા અને દક્ષાબેન કપીલને અમારા ઘરે મુકવા આવેલા. ત્યારે હું મારા ઘરે એકલી હતી. પછી કપીલએ આબરૂ લીધી. મારા શરીરને પ્રથમ ઝડપલા લીધેલ પછી મારા કપડા કાઢીને શરીર સંબંધ બાધેલો. મે તેને ના પાડેલ છતાં મારી સાથે શરીર સંબંધ બાધેલ અને તું આમ નહી કરવા દે તો તને તથા તારા મા બાપને મારી નાખીશ તેવી ધમકી આપેલી. પછી તે જતો રહેલો. આ બનાવ અગાઉ તે તેની બેન દક્ષાબેનના ઘરે આવેલ ત્યારે પણ દક્ષાબેનના ઘરમાં મારી સાથે મારી મરજી વિરૂઘ્ધ શરીર સંબંધ બાંધેલો અને મારી સાથે કપીલએ શરીર સંબંધ બાંધેલા તેની વાત મે મારા મમ્મીને કરેલી અને આ બનાવ અંગે મારી મમ્મીએ પોલીસમાં ફરીયાદ આપેલી. બનાવ અંગે મે કોર્ટમાં જજ સાહેબ સમક્ષ પણ હકિકત લખાવેલી. પોલીસ પાસે બનાવ વખતે પહેરેલ કપડાઓ રજુ કરેલા. બનાવવાળી જગ્યા મે પોલીસને બતાવેલી તેમ જણાવે છે અને આં ક–૨૬ થી સી.આર.પી.સી. કલમ–૧૬૪ અન્વયેનું નિવેદન રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કપીલ અવારનવાર અમારા ઘરની સામે આવતો હોય તેથી હું તેને ઓળખુ છુ. એ વાત ખરી છે કે, બનાવ એક વર્ષ પહેલાં બનેલો તેવું મે સરતપાસમાં જણાવેલ છે. એ વાત ખરી છે કે, આ બે બનાવ સિવાય મારે કપીલને મળેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, મારે કપીલ સાથે મિત્રતા હોય તેથી માધવપુર ઘેડ દરીયાકિનારે ફરવા ગયેલા, સાહેદ જણાવે છે કે, મને દક્ષાબેન લઈ ગયેલા. એ વાત ખરી નથી કે,

મિત્રતાના નાતે અમોએ દરીયા કિનારે કપીલ સાથે ફોટા પડાવેલા, સાહેદ જણાવે છે કે, મે ના કહેવા છતા દક્ષાબેનએ બળજબરીથી પડાવેલા. દરીયા કાંઠે દક્ષાબેનએ ફોટા ધરાર પડાવેલા તેવું મે મારા પોલીસ નિવેદનમાં જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે, મે પોલીસ સમક્ષ આ હકિકત જણાવેલ પરતુ પોલીસે લખેલ નથી. કપીલની સાથે હું લગ્ન કરવા તૈયાર નથી. એ વાત ખરી નથી કે, અમારા બંને વચ્ચે પ્રેમ સંબંધ હતા. એ વાત ખરી છે  કે , હું મારા મોબાઈલ થી આરોપીના મોબાઈલમાં ફોન અને મેસેજ કરતી. સાહેદ જણાવે છે દક્ષાબેન કરાવતી હતી.  એ વાત ખરી નથી કે, મારા માતૃશ્રીએ ગઈ તારીખ ૧૪/૭/૨૪ ના રોજ ના પહેલાં એક માસ અગાઉ અને ફરીયાદના ૧૫ દિવસ અગાઉનો ખોટો બનાવ ઉભો કરી હું કપીલ સાથે પ્રેમ કરતી હોય અને જે તે વખતે લગ્ન કરવા માંગતી હોય તે મારા માતૃશ્રીન પસંદ ન હોય જેથી એક માસ પહેલાનો બનાવ ઉભો કરી મારા માતૃશ્રી એ ખોટી ફરીયાદ આપેલ છે.

(૧૭) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૨  તરીકે ફરીયાદી લાભુબેન ઉકાભાઈ સગારકાને આંક–૩૦ થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, મારે સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે મોટાનું નામ જગદીશ અને ભોગબનનાર છે અને પછી નાનો સતીષ છે. ભોગબનનાર દિકરીની અંદાજે ૧૮ વર્ષ ચાલુ હશે. મારી બાજુમાં દક્ષાબેન રહે છે. દક્ષાબેનના ભાઈનું નામ કપીલ(આરોપી) છે. આ દક્ષાબેન સાથે અમારે ઘર જેવો સંબંધ હતો અને અમારે તેના ઘરે અવવા

જવાનો વ્યવહાર હતો, આ લોકો પણ અમારા ત્યાં આવતા જતા હતા અને અમો પણ તેને ત્યાં આવતા જતા હતા. દક્ષાબેનને મારી ભોગબનનાર દિકરી મામી કહીને બોલાવતી હતી. તેને દક્ષાબેનને ત્યાં ઘર કામમાં મદદ કરવા પણ મારી ભોગબનનાર દિકરી ત્યાં જતી હતી.

મારી ભોગબનનાર દિકરી પાસેથી મોબાઈલ મળી આવેલ અને આ મોબાઈલ વિશે પુછતા મારી ભોગબનનાર દિકરીએ કહેલ કે મને દક્ષાબેનએ રીંગણા લેવા માટે બોલાવેલ ત્યારે આ મોબાઈલ આપેલ હતો. આ મોબાઈલ બાબતે મે તેને ઠપકો આપેલો.

મારી ભોગબનનાર દિકરીએ મને કહેલ કે, દક્ષાબેન પોતાના મોબાઈલમાંથી મારી દિકરીને તેના ભાઈ કપીલ સાથે વાત કરાવતાં હતા અને દક્ષાબેનએ મોબાઈલમાંથી ફોન કરી તેનાભાઈ કપીલને તેના ઘરે બોલાવેલ અને મારી ભોગબનનાર દિકરી સાથે દક્ષાબેનએ કપીલ સાથે તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બંધાવેલ. આ બનાવ પ્રથમ દક્ષાબેનના ઘરે બનેલો.

બીજી વાર અમો તથા મારા પતિ ક્રિયામાં બહાર ગામ ગયેલ હતા ત્યારે મારી ભોગબનનાર દિકરી ઘરે એકલી હતી ત્યારે રાત્રીના કપીલ(આરોપી) અમારા ઘરે આવેલો અને ત્યાં તેને મારી ભોગબનનાર દિકરીના કપડા કાઢી નાખેલા અને મારી દિકરી સાથે ખરાબ કામ કપીલે કરેલુ. આ ખરાબ કામ એટલે મારી ભોગબનનાર દિકરી સાથે કપીલે શરીર સંબંધ બાધેલો. તેની સાથે બળજબરીથી શરીર સંબંધ બાધેલો.

પછી મે આ બનાવ અંગેની મારા ઘરવાળાને વાત કરેલી અને આ બનાવ

અંગે મે માધવપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી તેમ જણાવી આંક–૩૧ થી ફરીયાદ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મારે દક્ષાબેન સાથે ઘણા વર્ષોથી સારા સંબંધ હતા. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરી વર્ષોથી દક્ષાબેનને ત્યાં જતી આવતી હતી, સાહેદ જણાવે છે કે પાડોશી હોવાના નાતે અમારે વર્ષોથી આવવા જવાના સંબંધો હતા. એ વાત ખરી છે કે, અમે દક્ષાબેનના ઘરનાઓને ઓળખીએ છીએ. એ વાત ખરી નથી કે, કપીલ અને મારી ભોગબનનાર દિકરી એકાદ વર્ષથી એકબીજાને ઓળખતા હતા, સાહેદ જણાવે છે કે, આ બધુ કરાવનાર દક્ષાબેન છે. એ વાત ખરી છે કે, ફરીયાદ કરી તેના એક વર્ષ પહેલાથી મારી ભોગબનનાર દિકરી અને કપીલ એકબીજાને ઓળખતા નહી. સવાલ :– ફરીયાદ કરી તેના એક વર્ષ દરમ્યાન તમારી ભોગબનનાર દિકરી અને કપીલ એકબીજા મળેલ હોય તેવું જાણેલ નથી ? જવાબ :– મળેલા હતા અને આ બધુ કરાવનાર તેની બહેન દક્ષા છે. ફરીયાદના કેટલા સમય પહેલા મારી ભોગબનનાર દિકરી અને કપીલ મળેલ તે મને ખબર નથી, સાહેદ જણાવે છે કે, ફરીયાદ કરી તેના બે ત્રણ મહીના પહેલા આ દક્ષાબહેનએ બધુ કરાવેલ તેવું જણાવેલ. સવાલ :– તમારી ભોગબનનાર દિકરી અને કપીલ બીજી વખત ફરીયાદના કેટલા સમય પહેલા મળેલ તે કહી શકો ? જવાબ : મને એ યાદ નથી, છોકરીને ખબર છે. પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા માટે મારી દિકરી, હું અને મારો ઘરવાળો ગયેલા. એ વાત ખરી નથી કે, ફરીયાદ મારા પતિએ લખાવેલી, સાહેદ

જણાવે છે કે ફરીયાદ મે લખાવેલ. સવાલ : પ્રથમવાર બનેલ બનાવ પછી તમારી ભોગબનનાર દિકરીએ તે વાત તમને કયારે કરેલ ? જવાબ : મને યાદ નથી, છોકરીએ મને વાત કરેલ. સવાલ : તમારી દિકરી સાથે બીજો બનાવ બનેલ નથી ?જવાબ : બીજો બનાવ એ બનેલ છે બેઈ સાચો છે, પહેલો બનાવ દક્ષાબેનના ઘરે બનેલ અને બીજો બનાવ અમારા ઘરે બનેલ. પહેલા બનાવ બનેલ બાદ બીજો બનાવ કેટલા સમય બાદ બનેલ તે મને યાદ નથી. મારી દિકરીએ બનાવની વાત કર્યા બાદ આ કામની ફરીયાદ અમોએ બે થી ત્રણ મહીના બાદ ફરીયાદ લખાવેલ. આ બે બનાવ સિવાય બીજો કોઈ બનાવ બનેલ કે કેમ તે મને ખબર નથી તે મારી દિકરીને ખબર છે. એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશને ગયા પછી મે મારી દિકરીનું નામ અન ેકપીલનું નામ લખાવેલ અને પોલીસે ફરીયાદ તૈયાર કરેલી. એ વાત ખરી નથી કે, પોલીસને મે જે ફરીયાદ લખાવેલ તેમા પોલીસે શું ફરીયાદ લખેલ તે મને ખબર નથી. ફરીયાદની નકલ મને ત્રીજા દિવસે મળેલ. સવાલ :– તમે જે દિવસ ે પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલા તે દિવસે પોલીસે તમારી ફરીયાદ લખેલ કે કેમ ? જવાબ : પહેલા દિવસે પોલીસે ફરીયાદ લીધેલ નહી. કહેવાતા બનાવ બાબતે અમોએ માધવપુર પોલીસ સ્ટેશનમા અરજી આપેલી અને ત્યારબાદ પાંચ છ દિવસ પછી પોલીસે અમોને પોલીસ સ્ટેશન બોલાવેલ. મને ત્યારબાદ પોલીસે કયારેય બોલાવેલ નથી. મને પોલીસે ફરીયાદની નકલ આપ્યા બાદ આ કાગળીયા દેવા પોલીસ આવતી તે સિવાય આવેલ નથી. સવાલ :– કપીલ અને ભોગબનનાર ખરેખર મોબાઈલમા વાતચીત અને મેસેજ કરતા તેથી તે પકડાઈ ગયેલ કે કેમ ? જવાબ : મારી દિકરીએ મોબાઈલ મને આપી એવું

જણાવેલ કે જો મમ્મી આ મોબાઈલ દક્ષાબેનએ મને મોબાઈલ આપેલ. એ વાત ખરી છે કે , મારી દિકરીને દક્ષાબેનને રીંગણા લેવા આવવાનું કહી મોબાઈલ આપેલ. એ વાત ખરી છે કે, બીજો બનાવ બનેલ ત્યારે હું બહાર ગામ ગયેલ હતી. બીજા બનાવની મારી દિકરીએ મને વાત કરેલી. બહાર ગામથી આવેલ તેના ૧૫ દિવસ પછી આ બીજા બનાવની વાત મારી દિકરીએ વાત કરેલી. બીજા બનાવની મારી દિકરીએ વાત કરી તેના બે ત્રણ મહીના પછી અમે ફરીયાદ કરવા ગયેલા, સાહેદ જણાવે છે કે, મારી દિકરીના ધજાગરા થોડા કરાય. મારી દિકરીએ જે વાત કરેલ તેની વાત મે મારા ઘરવાળાને કરેલ. સવાલ :- બે ત્રણ મહીના મોડી ફરીયાદ કરવા પાછળનું કારણ શુ ? જવાબ : મારી દિકરીના ધજાગરા કરવા ન હતા તથા દક્ષાબેન ધમકી મારતા અને હાલમા પણ હેરાન કરે છે અને અમારા આખી કુંટુબની બેઈજજતી થાય તેવા આક્ષેપો દક્ષાબેન સતત કરતા રહે છે જેથી મોડી ફરીયાદ કરેલ. દક્ષાબેનએ મારી દિકરીએ ધમકી મારેલ હોય તેની ફરીયાદ અમોએ કરેલ નથી, સાહેદ જણાવે છે કે, એટલા માટ`કરેલ નહી કે કારણ કે અમારા ધજાગરા થાય. એ વાત ખરી નથી કે, મારી ભોગબનનાર દિકરી અને કપીલ બં ને પ્રેમસંબંધ થી બંધાયેલ હોય અને બંને મોબાઈલ ફોન પર વાતચીત અને વોટસઅપ પર ચેટીગ કરતા હોય અને મારી ભોગબનનાર દિકરીનો મોબાઈલ પકડાઈ જતાં મારી દિકરી આરોપી સાથે ભાગી ન જાય તે માટે અમોએ હાલની ખોટી ફરીયાદ કરેલ છે અને ખોટી જુબાની આપુ છુ.

(૧૮) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૩ મેડિકલ ઓફિસર ડો. દક્ષાબેન ભોજાભાઈ પરમારને આંક-૩૨ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ

છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, ગઈ તા.૧૬/૦૭/૨૦૨૪ના રોજ હું એમ આર લેડી હોસ્પીટલ પોરબંદર ખાતે ફરજ પર હાજર હતી તે દરમ્યાન ઈન્ચાજ સી પી આઈ શ્રી એસ એસ ગામેતી પોલીસ યાદી સાથે ભોગબનનારને સ્ત્રી રોગ નિષ્ણાંતના અભિપ્રાય માટે મારી પાસે લાવેલ અને તેને લાવનાર તરીકે ડબલ્યુ યુ એલ આર સમીરાબેન હનીફભાઈ દરજાદા, બકલ નં.૦૧૧૦, માધવપુર પો.સ્ટે. લાવેલ.ભોગબનનારનો પ્રથમ ઓપીડી કેસ પેપર કાઢવામાં આવેલો. ત્યારબાદ સંમતિ બદલ ભોગબનનારની માતા લાભુબને ઉકાભાઈએ મારા રૂબરૂ ડાબા હાથનું અંગુઠાનું નિશાન કરી આપેલ તેમજ રૂબરૂ તરીકે ભોગબનનારને લાવનાર સમીરાબેન હનીફભાઈ દરજાદા, બકલ નં.૦૧૧૦ એ મારા રૂબરૂ સહી કરી આપેલ. ભોગબનનાર સભાન હતા, સ્થળ, સમય અને વ્યકિત પ્રત્યે પરીચિત હતા. તેમની વાઈટલ્સ નોર્મલ હતા. તેમના ઓળખ ચિન્હ તરીકે ડાબા હાથમા વધારાનો એક અંગુઠો હતો. ત્યારબાની ભોગબનનારની ગાયનેકોલોજીસ્ટ ડો.આશીષ કુછડીયા દવારા નીચે મુજબની તપાસ કરવામાં આવેલ. ભોગબનનારને કોઈ તાજા ઈજાના નિશાન ન હતા. યોનીપટલ જુનુ તુટેલ હતુ. તેમા કોઈ સોજો કે લાલશ ન હતી. આ ઉપરથી સ્ત્રી રોગ નિષ્ણાતે અભિપ્રાય આપેલો કે, આ જુના તુટેલા યોનીપટલ અને લાલશ કે સોજાના નિશાન ન હોય, શારીરિક સંભોગની શકયતા નકારી શકાય નહી પરંતુ ભોગબનનાર સાથે કોઈ જબરજસ્તી થયેલ હોય તેવું જણાતુ નથી. તેનો પ્રેગ્નન્સી ટેસ્ટ નેગેટીવ હતો તેમ જણાવે છે અને આંક-૩૩ થી પોલીસ યાદી, આંક-૩૪થી ઓપીડી કેસ પેપર્સ તથા આંક-૩૫ થી ઈન્જરી સર્ટી. રજુ કરેલ

છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ભોગબનનારે મારી સમક્ષ કોઈ હિસ્ટ્રી આપેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારની તપાસણી દરમિયાન તેઓ ઉપર બળજબરી થયાના કોઈ નિશાન જોવા મળેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારના બાહ્ય કે આંતરીક અંગો ઉપર કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નથી. એ વાત ખરી છે કે, હાઈમેન ટોન થવાના શારીરીક સંભોગ સિવાયના અન્ય કારણો હોય શકે. એ વાત ખરી નથી કે, ભોગબનનારને મારી સમક્ષ કોઈ મેડીકલ તપાસણી કરવા માટે લાવવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, પોલીસ યાદીના આધારે તમામ સર્ટી.મે મારી જાતે તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ.

(૧૯) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં.૪ ડો. હેતલબેન કિશોરભાઈ ચાંદેગરાને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, તા.૧૫/૭/૨૪ ના રોજ હું મારી ફરજ પર હાજર હતી તે દરમ્યાન એસ.એસ.ગામેતી, સી.પી.આઈ. રાણાવાવ તરફથી માધવપુર પો.સ્ટે. ગુન્હા રજી.નં.પાર્ટ એ–.....૧૯૦/૨૪ ના કામે ભોગબનનારની મેડીકલ તપાસણી તથા ભોગબનનાર સાથે સંભોગ થયેલ છે કે કેમ તેમજ ગર્ભ રહેલ છે કે કેમ તથા સેમ્પલો લેવાની યાદી સાથે ડબલ્યુ પી સી, સમીરાબેન હનીફભાઈ, બકલ નં.૦૧૧

૦ સાથે લાવવામાં આવેલા. મે ભોગબનનારનો પ્રથમ ઓ.પી.ડી કેસ પેપર કાઢેલો. ભોગબનનારના વાઈટલ્સ તપાસતા સભાન અવસ્થામાં હતા. ભોગબનનારને બનાવ વિશે પુછતા તેણે મારી સમક્ષ લખાવેલ કે, '' ગઈ તા.૧૫/૪/૨૪ થી તા.૩૦/૪/૨૪ ના અરસામાં આરોપી તેમના બહેન (દક્ષાબેન કાનાભાઈ ભરડા) ના ઘરે ભોગબનનારને રાત્રીના સમયે ધમકાવી બોલાવતા અને એક થી વધુ વખત શરીર સંબંધ બાંધેલ તથા ભોગબનનારના માતા પિતાની ગેરહાજરીમાં ભોગબનનારના ઘરે આવી પણ શારીરિક સંબંધ બાંધેલ તેવું ભોગબનનારે કહેલ'' ભોગબનનારની શારીરિક તપાસણી તથા સ ેમ્પલો લેવા માટે ભોગબનનારે મારા રૂબરૂ લેખિતમા સંમતિ આપેલી જે મે મારા હસ્તાક્ષરમા લખેલી અને તેમાં ભોગબનનારે મારા રૂબરૂ સહી કરી આપેલ તેમજ માતાએ મારા રૂબરૂ અંગુઠાનું નિશાન કરી આપેલ તેમજ ભોગબનનારને લાવનાર ડબલ્યુ પી સી, સમીરાબેન હનીફભાઈ, બકલ નં .૦૧૧૦ નાઓએ પણ રૂબરૂ તરીકે સહી કરી આપેલ. મે ભોગબનનારના નીચે મુજબના નિયમ મુજબ સેમ્પલો લીધેલા. (૧) બ્લડ સેમ્પલનો નમુનો (૨) લાળનો નમુનો (૩) ગુપ્ત ભાગના વાળનો નમુનો (૪) બગલના વાળનો નમુનો (૫) વજાઈનલ સ્વોબનો નમુનો આ સેમ્પલો સીલ કરી પોલીસ ડબલ્યુ પી સી સંજયભાઈ લખમણભાઈને સહી લઈ સોંપી આપેલ. ભોગબનનારની વધુ તપાસ અર્થે તથા તેણીને ગર્ભ રહેલ છે કે કેમ તે માટે સોનોગ્રાફી તપાસ અર્થે સીવીલ હોસ્પીટલ પોરબંદર ખાતે રીફર કરેલા. જે લેટર મેં સી.પી.આઈ.રાણાવાવને સંબોધીને કરેલ અને તે ભોગબનનારને લાવનાર ડબલ્યુ પી સી, સમીરાબેન

હનીફભાઈની સહી લઈ સોંપી આપેલ. મે ભોગબનનારની કરેલ શારીરિક તપાસણી ઉપરથી ભોગબનનાર સાથે સંભોગની શકયતા નકારી શકાય નહી. વધુમાં જણાવે છે કે, તેજ દિવસે આ ગુન્હાની આ ગુન્હાના આરોપી કપીલકુમાર દેવાભાઈ ચુડાસમાને મેડીકલ તપાસણી તથા સેમ્પલો લેવા માટેની પોલીસ યાદી સાથે માધવપુર પો.સ્ટે.ના કોન્સ.લાવેલા. મે આરોપીનો પ્રથમ ઓપીડી કેસ પેપર કાઢેલો તથા તેમના વાઈટલ્સ તપાસતા નોર્મલ હતા અને પોતે સભાન અવસ્થામાં હતા. આરોપી ચા ની શોપ પર શીલ ગામ ખાતે કામ કરે છે તેવું તેણે મને જણાવેલ. તેઓએ હિસ્ટ્રીમાં મારી સમક્ષ એવી હકિકત જણાવેલ કે, '' ભોગબનનાર સાથે એક પણ વાર ધમકાવી કે જોર જબરજસ્તી કરેલ નથી. બંનેએ મરજીથી શારીરિક સંબંધ બાં ધેલ. આરોપીના કહેવા મુજબ પોતે અંદાજે છ મહીના પહેલા ભોગબનનારને મોબાઈલ ફોન આપેલ.'' મે આરોપીના નિયમ મુજબ નીચે મુજબના સેમ્પલો લીધેલા. (૧) બ્લડ સેમ્પલનો નમુના (૨) વીર્યનો નમુનો (૩) લાળનો નમુનો (૪) ગુપ્ત ભાગના વાળનો નમુનો (૫) પીનાઈલ વોશનો નમુનો આ સેમ્પલો સીલ કરી પોલીસ ડબલ્યુ પી સી સં જયભાઈ લખમણભાઈને સહી લઈ સોંપી આપેલ. મે આરોપીની કરેલ મેડીકલ તપાસણી પરથી કહી શકાય કે આરોપી સંભોગ કરવા માટે સક્ષમ હતા.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ભોગબનનારના શરીર પર આંતરીક કે બાહય ઈજાના નિશાનો ન હતા. એ વાત ખરી નથી કે, ભોગબનનારની હિસ્ટ્રી અમોએ પોલીસ પેપર પરથી લખેલ. એ વાત ખરી છે કે, ભોગબનનારની ઉમર

અમોએ પોલીસ પેપર પરથી લખેલ છે. એ વાત ખરી છે કે, આરોપીના શરીર પર કોઈ ઈજાના નિશાનો ન હતા. એ વાત ખરી નથી કે આરોપીએ જે હિસ્ટ્રી લખાવેલ તે પોલીસ પેપર પરથી લખી લીધેલ છે.

(૨૦) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. ૫ એભાભાઈ કરશનભાઈ પરમાર આંક–૪૮ થી પુરાવો આપતા જણાવે છે કે, હું તથા હમીરભાઈ લખમણભાઈ વાળા સાથે નોકરી કરતા હોય. હું હમીરભાઈ વાળાની સહીથી પરીચીત છુ. તા. ૧૫/૭/૨૪ ના રોજ સી.પી.આઈ.રાણાવાવ, એસ એસ ગામેતીના બોલાવવાથી મુળ માધવપુર ગામે કોરવા સીમમાં આવેલ ફરીયાદી લાભુબેન ઉકાભાઈના રહેણાંક મકાને હાજર થયેલ. ત્યાં પોલીસ ે માધવપુર પો.સ્ટે.પાર્ટ એ–...૧૯૦/૨૪ ના કામે બનાવવાળી જગ્યાના પંચનામા પંચ તરીકે રહેવાની સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ. ત્યાં પોલીસ પાસે એફ એસ એલ અધિકારી હતા તથા હાજર બહેનને પોતાનું નામ પુછતા પોતાનું નામ લાભુબેન ઉકાભાઈ હોવાનું જણાવેલ તેની સાથે ભોગબનનાર પણ હાજર હતા અને ભોગબનનારે આગળ ચાલી બનાવ વાળી જગ્યા બતાવતા તે રહેણાંક મકાન હતુ અને તે મકાનમાં અંદર પ્રવેશ કરી ભોગબનનારે બનાવવાળી જગ્યા બતાવતાં તે જગ્યા જોતાં તે એક રૂમ હતો અને તે રૂમમા એક લાકડાનો પેટી પલંગ ડબલ બેડવાળો હતો અને આ પેટી પલંગ પર આરોપીએ પોતાની સાથે શરીર સંબંધ બાંધેલાનું ભોગબનનારને જણાવેલ અને તે જગ્યાની ચતુસીમા જોતા પુર્વે ફરીયાદીનો બીજો રૂમ આવેલ હતો, પશ્ચિમે ડાયાભાઈ કરશનનું મકાન હતુ, ઉતરે રાજશીભાઈ માવદીયાનું મકાન આવેલ હતુ તથા દક્ષિણે ખુલ્લી ઓસરી

બાદ ફળીયુ આવેલ હતુ. તે અંગેનું વિગતવારનું પંચનામુ પોલીસે અમારા જોયા જાણ્યા મુજબનું કરેલ તેમ જણાવે છે અને આંક–૪૯ થી પંચનામુ રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, બાદ ફરીથી પોલીસના બોલાવવાથી અમો બં ને માધવપુર પોલીસ સ્ટેશને હાજર થયેલ ત્યાં આ ગુન્હાના કામમાં ભોગબનનારે બનાવ વખતે પહેરેલ કપડા કબ્જે કરવાના પંચનામામાં પંચ તરીકે રહેવાની અમો બંનેને સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલી. ત્યાં પોલીસ પાસે ભોગબનનાર તેના વાલી સાથે હાજર હતા, તેના વાલીનું અમારી હાજરીમા નામ પુછતા પોતાનું નામ લાભુબેન વા/ઓ ઉકાભાઈ કારાભાઈ સગારકા, રહે. મુળ માધવપુર હોવાનું જણાવેલ અને તેની સાથે હાજર ભોગબનનારનું નામઠામ પુછતા તેણે પણ પોતાનું નામ ઠામ જણાવેલ અને ભોગબનનારે અમારી હાજરીમાં બનાવ વખતે પહેરેલ કપડાઓ રજુ કરતા (૧) લીલા કલરનો મેલા જેવો ઝબ્બો (૨) લાલ કલરની મેલા જેવી લેંગીસ (૩) બ્લુ કલરનો મેલો જેવો નિકર (૪) મરૂન કલરની મેલા જેવી બ્રા હતી. જે તમામ કપડાઓ અલગ અલગ કાપડની બેગીમાં મુકી અમો પંચોની સહીવાળી અંદર બહાર કાપલીઓ મુકી સોઈ દોરાથી બેગી સીવી લઈ, બેગી ઉપર લાખથી સી.પી.આઈ. રાણાવાવના માર્કાનું સીલ કરી પોલીસ ે તપાસ અર્થે કબ્જે લીધેલ અને તે અંગેનું પંચનામુ કરેલ. આંક–૫૦ થી પં ચનામુ તથા આંક–૫૧ થી ૫૪ સુધીની મુદ્દામાલ બેગીની કાપલીઓ રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, ફરીથી સાંજે પાંચ વાગ્યાની આસપાસ સી.પી.આઈ. ગામેતી સાહેબના બોલાવવાથી અમો બંને માધવપુર પો.સ્ટે. હાજર થયેલ અને ત્યાં પોલીસે આ ગુન્હાના કામના આરોપીને અટક કરવાના તથા બનાવ વખતે

પહેરેલ કપડાઓ કબ્જે કરવાના પંચનામા પંચ તરીકે રહેવાની સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ.ત્યાં પોલીસ પાસે હાજર આરોપીનું અમારી હાજરીમાં નામઠામ પુછતા પોતે પોતાનું નામ કપીલકુમાર દેવાભાઈ ચુડાસમા, ઉ.વ.૨૦, રહે.શીલવાળો હોવાનું જણાવેલ અને તેને બનાવ વખતે પહેરેલ કપડાઓ રજુ કરતા તે જોતા (૧) કાળા કલરનું ટીશર્ટ (૨) ભુખરા બ્લેક કલરનું મેલા જેવું જીન્સ પેન્ટ જે બંને કપડાઓને અલગ અલગ કપડાની બેગીમાં મુકી કપડાની બેગીની અંદર બહાર અમો પંચોની સહીવાળી કાપલીઓ મુકી બેગી સીવી લઈ બેગી પર સીપીઆઈ, રાણાવાના માર્કાનું સીલ કરી પોલીસે તપાસ અથે કબજે લીધેલ તેમજ આ  આરોપીને આ ગુન્હાના કામે અટક કરેલ અને તે અંગેનું પંચનામુ કરેલ. આંક–૫૫ થી પંચનામુ તથા આંક–૫૬/૫૭ થી મુદ્દામાલ બેગીની કાપલીઓ રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, બાદ તા.૧૮/૭/૨૪ ના રોજ વુ.એ એસ આઈ શ્રી જે એચ કડછાના બોલાવવાથી અમો બંને માધવપુર પો.સ્ટે. હાજર થયેલ અને ત્યા આજ ગુન્હાના આરોપી તથા ભોગબનનાર ના સી એચ સી માધવપુર ખાતે લ ેવાયેલ સેમ્પલો તપાસ અર્થે કબ્જે લેવાના પંચનામા પંચ તરીકે રહેવાની સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ. ત્યાં પોલીસ સ્ટેશનમાં એક પો.કોન્સ. હાજર હતા જેનું અમારી હાજરીમાં નામઠામ પુછતા સંજય લખમણભાઈ ચૌહાણ, પો.કોન્સ. બકલ નં.૭૭૩ હોવાનું જણાવેલ અને તેને અમારી હાજરીમાં એક સફેદ કલરનો દવાખાના પાટામા વિટાળેલ બે બોક્ષ રજુ કરેલ જે પૈકી (૧) બોક્ષ જોતાં તેના ઉપર આરએનપી, સીએચસી, માધવપુર(ઘેડ) ના માર્કાનું સીલ હતુ તેના ઉપર ભોગબનનારનું નામ તથા ઉમર લખેલ હતા

તથા એમએલસી નં.૮૧ લખેલ હતા. જેની અંદર રહેલા નમુનાઓ જોતાં (૧) બ્લડ સેમ્પલ (૨) લાળનો નમુનો (૩) ગુપ્ત ભાગના વાળનો નમુનો (૪) બગલના વાળનો નમુનો (૫) વજાઈનો સ્વોબના નમુનાનું સફેદ કલરનું નાનુ બોક્ષ એક સીલ બંધ હતુ જે તમામ પોલીસે પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ. બાદ (૨) નંબર નું બોક્ષ જોતા તેના પર આરએનપી સીએચસી, માધવપુર (ઘેડ) ના માર્કાનું સીલ હતુ તેના પર લખાણ જોતા તેમાં કપીલકુમાર દેવાભાઈ ચુડાસમા, ઉવ.૨૦, એમએલસી નં.૮૨ લખેલ હતુ. જે બોક્ષની અંદર જોતા (૧) બ્લડ સેમ્પલ (૨) વીર્યનો નમુનો (૩) લાળનો નમુનો (૪ ) ગુપ્ત ભાગના વાળનો નમુનો (૫) પીનાઈલ વોશના નમુનાનું સફેદ કલરનું નાનુ બોક્ષ ૧. સીલ બંધ હતુ જે તમામ પોલીસે તપાસ તથા પંચનામાની વિગતે અર્થે કબ્જે લીધેલ તેમજ તે અંગેનું વિગતવારનું પંચનામુ કરેલ તેમ જણાવે છે અને આંક–૫૮ થી પંચનામુ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, હું શિક્ષક તરીકેની નોકરી ૨૨ વર્ષથી કરૂ છુ. એ વાત ખરી નથી કે, આ ૨૨ વર્ષ દરમ્યાન અમોને પંચ તરીકે ઘણી વખત બોલાવેલ છે. અમોને પંચમાં રહેવા માટે આચાર્ય સાહેબે મોકલેલ. મારી નોકરીનો સમય સવારે ૭ થી ૧ છે. અમોને બોલાવવા આવેલ ત્યારે હું સ્કુલે હતો. અમોને પહેલા પોલીસ સ્ટેશને લઈ ગયેલ અને ત્યાં હું પહેલા ગામેતી સાહેબને મળેલ હતો. પોલીસ સ્ટે. એક પોલીસ ડ્રેસમા હતા અને બીજાને ઓળખતો નથી. અમોને પંચમા રહેવા માટે પોલીસે કોઈ લેખિત યાદી આપેલ નથી. એ વાત ખરી

છે કે બનાવવાળી જગ્યાનું પંચનામુ આગળ પાછળ બે પાનામાં લખેલ છે. ભોગબનનારના કપડા કબ્જે કરેલ તે પંચનામુ કોમ્પ્યુટર ટાઈપમા આગળ પાછળ ટાઈપ કરેલ છે. આંક–૫૦, ૫૫ અને આંક–૫૮ ના પંચનામાઓ કોમ્પ્યુટરમા ટાઈપ થયેલ છે. એ વાત ખરી છે કે, અમો લખાવતા હોય અને પોલીસે લખેલ હોય તેવું બનેલ નથી. આ પંચનામાઓ થયેલ તેમાં પોલીસે આશરે ૧૦ થી ૧૨ ઉપર સહીઓ લીધેલ.પંચનામા વખતે પોલીસને મળેલ તે સિવાય કોઈ વ્યકિતને મળેલ નથી. ભોગબનનાર તથા આરોપીના નમુના કબ્જે કરેલ તે બંને બે બોક્ષ સફેદ કલરના તેમા સીલ મારેલ હતા. બંને સીલ બંધ બોક્ષમા જે વસ્તુ હતી તે અમોને બતાવેલી. એ વાત ખરી નથી કે સ્થાનિક જગ્યાના પંચનામા અમો સ્થળે રૂબરૂ ગયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, પોલીસે અમારી રૂબરૂ કોઈ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે, પોલીસે અમારી રૂબરૂ ભોગબનનાર તથા આરોપીના કોઈ સેમ્પલ કબ્જે લીધેલ હોય તેવું પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે મારી રૂબરૂ પોલીસે આરોપીની અટક કરેલ હોય તેવું પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસે ફકત મારી તૈયાર પંચનામા અને કાપલીઓમા સહી લીંધેલ અને તે પણ પોલીસ સ્ટેશને કરાવેલ. એ વાત ખરી નથી કે પંચનામા સહીઓ કરેલ હોય તેને સમર્થન કરવા ખોટી જુબાની આપુ છુ.

(૨૧) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. ૬ રવેસિંહ વજુભાઈ મોરીને આંક–૫૯ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, સને ૨૦૨૪માં હું માધવપુર પો.સ્ટે.માં

પો.સબ ઈન્સ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા. ૧૪/૭/૨૪ ના રોજ લાભુબેન વા/ઓ ઉકાભાઈ કારાભાઈ સાગરકા, ઉવ.૩૮, રહે. મુળ માધવપુર પોલીસ સ્ટેશને આવી ફરીયાદ જાહેર કરતા મે તેઓના લખાવ્યા જણાવ્યા મુજબની ફરીયાદ મારા રૂબરૂ મે લીધેલી. ફરીયાદ બાત મે તા.૧ ૪/૭/૨૪ ના સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૧૫ ગુન્હા રજી.પાર્ટ એ–૧૧૨૧ ૮૦૧૫૨૪૦૧૯૦/૨૦૨૪ થી ગુન્હો રજી.કરેલ તેમ જણાવે છે અને તેઓએ કરેલ કાર્યવાહી અંગેના દસ્તાવેજો આંક–૬૦ થી ૬૫ સુધીના રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદ જોતા તા.૧૫/૪/૨૪ ના રોજ બનેલ બનાવની ફરીયાદ તા.૧૪/૭/૨૪ એ આપવામાં આવેલી. એ વાત ખરી નથી કે, ફરીયાદ જોતા આરોપી તથા ભોગબનનાર વચ્ચે ચાર થી પાંચ વખત મુલાકાત થયેલી. ફરીયાદ જોતા આરોપી તથા ભોગબનનાર વચ્ચે ત્રણ વખત મુલાકાત થયેલી. એ વાત ખરી છે કે, અમોએ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરેલ અને મેસેજ કરેલ તે સિવાય કોઈ કામગીરી કરેલ નથી.

(૨૨) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૭ જીવીબેન હાજાભાઈ કડછાને આંક–૬૬ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, સને ૨૦૨૪ માં હું એ એસ આઈ તરીકે માધવપુર પો.સ્ટે.માં ફરજ બજાવતી હતી અને તા. ૧૮/૦૭/૨૪ ના રોજ પી. એસ. ઓ માં હતી. આ ગુન્હાના કામે મે આચાર્ય શ્રી સરકારી હાઈસ્કુલ માધવપુરને બે સરકારી કર્મચારીને પંચ તરીકે ફાળવવા માટે યાદી કરેલી.

તે દિવસે હું પી.એસ.ઓ.ના ચાર્જમાં હોય અને માધવપુર પો.સ્ટે. ગુ.ર.નં .......૧૯૦/૨૪ ના કામે સી એચ સી માધવપુરના ડો.શ્રીએ આરોપીના નમુના લીધેલ હોય જે મારી સમક્ષ પો.કોન્સ.શ્રી સંજય લખમણ દવારા રજુ થતાં મે પંચ એભા કરશન તથા હમીર લખમણની હાજરીમાં પંચનામાની વિગતે ભોગબનનાર તથા આરોપીના સેમ્પલો તપાસ અર્થે કબ્જે લીધેલા.

(૨૩) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૮ ત.ક.અ. સુભાષભાઈ સવજીભાઈ ગામેતીને આંક–૭૦ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, સને–૨૦૨૪ માં હું સી.પી.આઈ તરીકે રાણાવાવ મુકામે ફરજ બજાવતો હતો તે દરમ્યાન માધવપુર પો.સ્ટે ગુ.ર.નં. પાર્ટ–એ ૧૧૨૧૮૦૧ ૫૨૪૦૧૯૦/૨૪ ના ગુન્હાની તપાસ પી.એસ.આઈ આર.વી.મોરી માધવપુર પો.સ્ટેના રીપોર્ટના આધારે સંભાળી લીધેલ અને આ કામની ફરીયાદથી વાકેફ થયેલ. ત્યારબાદ બે સરકારી પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પં ચનામું કરેલ ત્યારબાદ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ ત્યારબાદ આરોપી તથા ભોગબનનાર મળી આવતા ભોગબનનારની મહિલા પોલીસ કર્મચારી તથા સામાજીક કાર્યકતાની હાજરીમાં નિવેદન લીધેલ ત્યારબાદ ભોગબનનારે બનાવ વખતે પહેરેલ કપડાં રજુ કરતા પંચનામાની વિગતે તપાસ માટે કબજે લીધેલ ત્યારબાદ ભોગબનનારની મેડિકલ તપાસણી કરાવડાવી સેમ્પલો લેવડાવેલ ત્યારબાદ નામ. કોર્ટમાં ભોગબનનારને બી.એન.એસ –૨૦૨૩ ની કલમ– ૧૮૩ મુજબનુ નિવેદન લ ેવડાવામાં આવેલ ત્યારબાદ આરોપીને પંચનામાની વિગતે અટક કરેલ

અને આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડાઓ રજુ કરતા તે પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ તેમજ આરોપીની મેડિકલ તપાસણી કરાવડાવી સેમ્પલો લેવડાવેલ, ત્યારબાદ ભોગબનનાર તથા આરોપીના સ ેમ્પલો આવી જતા પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ જેની રવાનગી નોંધ તૈયાર કરી પૃથ્થકરણ માટે એફ.એસ.એલ મા મોકલાવેલ, ત્યારબાદ ભોગબનનારની જન્મનુ પ્રમાણપત્રની તલાટી કમ મંત્રી દોલતગઢ ગામે ખરાઈ કરવા મોકલેલ જે ખરાઈ થઈને આવી જતા તપાસના કામમાં સામેલ રાખેલ.આરોપી તથા ભોગબનનારના મેડિકલ સર્ટીફિકેટ આવી જતા તપાસના કામે સામેલ રાખેલ, બનાવવાળી જગ્યાનું સ્થળ પરીક્ષણ એફ.એસ.એલ અધિકારીએ કરી રીપોર્ટ આપતા તપાસના કામે સામેલ રાખેલ એફ.એસ.એલ જુનાગઢ તરફથી પરીક્ષણ અહેવાલો આવી જતા તપાસના કામે સામેલ રાખેલ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમા ચાર્જશીટ કરેલ. તેમ જણાવે છે અને આ ગુનાની તપાસ કાર્યવાહીને લગતો દસ્તાવેજી પુરાવો આંક–૭૧ થી ૮૦ સુધીનો રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મને આ કેસની તપાસ સોંપવામાં આવી ત્યારથી એફ.આઈ.આરથી લઈ મે ચાર્જશીટ કરેલ ત્યાં સુધીના તમામ સાધનિક કાગળોનો પુરેપુરો અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદીના કહેવા મુજબ કહેવાતો બનાવ તા. ૧૫/૪/૨૪ થી ૩૦/૪/૨૪ સુધીમાં બનેલાનું જણાવેલ છે. એ વાત ખરી છે કે બનાવ બની ગયાના ૩ માસ અને ૧૪ દિવસ બાદ હાલની ફરીયાદ આપવામાં આવેલ છે. એ વાત ખરી

છે કે ફરીયાદીએ બનાવ બાદ ૩ માસ અને ૧૪ દિવસ જેટલી મોડી ફરીયાદ આપેલ તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ જોતા મારી તપાસમાં એવું ખુલવા પામેલ છે કે ભોગબનનાર પાસે તા. ૧૫/૪/૨૪ ના ૩ માસ અગાઉથી તેના માતૃશ્રીએ મોબાઈલ પકડેલ હતો. એ વાત ખરી છે કે મારી તપાસમાં એવું પણ ખુલવા પામેલુ કે ભોગબનનાર અને આરોપી બં ને મોબાઈલ ફોનથી એકબીજા સાથે વાતચીત કરતા હતા. મે મારી પોલીસ તપાસ દરમ્યાન ભોગબનનાર કે આરોપી પાસેથી મોબાઈલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે તા. ૧૫/૪/૨૪ થી તા. ૩૦/૪/૨૪ વચ્ચેના જે બનાવ બનેલા તે ભોગબનનારના ઘરે બનેલા તેવો મે ચાર્જશીટમા ઉલ્લેખ કરેલો છે. એ વાત ખરી છે કે મે નામ.કોર્ટમા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલુ ત્યારે મારી પુરી તપાસ મુજબ ભોગબનનારના ઘર સીવાય અન્ય કોઈ બનાવ બનેલો હોય તેનો ઉલ્લેખ મે કરેલ નથી. એ વાત ખરી છે કે મે મારી ચાર્જશીટ મા એવો ઉલ્લેખ કરેલ છે કે ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્ર ેમસબંધો હતા. એ વાત ખરી છે કે મારી પોલીસ તપાસ દરમ્યાન ચાર્જશીટમા ઉલ્લેખ કરેલ ભોગબનનારના ઘર સીવાય અન્ય કોઈ જગ્યાયે બનાવ બનેલ હોય અને અન્ય કોઈનુ નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો અને પંચનામાઓ મે જાતે પો.સ્ટેમા બેસીને તૈયાર કરેલા અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા નામ. કોર્ટમા ખોટું ચાર્જશીટ કરેલ છે.

**ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૪) ઉપર મુદ્દા નં.૧ ની જે ચર્ચા કરેલ છે તે મુજબ આ

કામે બનાવ સમયે ભોગબનનારની ઉંમર વર્ષ–૧૬, ૦૯–માસ અને ૦૧–દિવસની હતી તે શંકાથી પર ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ છે અને તે મુજબ બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની હતી તેવુ સ્પષ્ટ શંકાથી પર પુરવાર થાય છે. હવે જયારે ઉપર નોંધ કરેલ છે તે મુજબ ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા નાની હતી તેવા સંજોગોમા ઈ.પી.કો.ની કલમ–૩૭૫ અને પોકસો એકટની કલમ–૨(ડી) ના કાનુની પ્રબંધો ધ્યાને લઈએ તો જયારે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની છે તેવા સંજોગોમા આ પ્રકારનુ કૃત્ય ભોગબનનારની સંમતિથી થયેલ છે કે તેણીની સંમતિ વિના થયેલ છે તે હકિકત મહત્વની રહેતી નથી એટલ ે કે આરોપીએ ભોગબનનાર સાથે જે શારિરીક સબંધો બાંધેલ છે તેવો આરોપી વિરુધ્ધ જે આક્ષેપ છે તેમાં આરોપીએ ભોગબનનારની મરજીથી આ પ્રકારના સબંધો બાંધેલ હોય તો પણ તે મહત્વનુ રહેતુ નથી તે રીતે કાયદાની દ્રષ્ટિએ આરોપીનુ આવુ કૃત્ય તે સ્પષ્ટ ગુનો બને છે. આ તબકકે આ હકિકતન વધુ સારી રીતે સમજવા માટે ઈ.પી.કો.કલમ–૩૭૫ નો છઠઠો પ્રોવીઝો અને પોકસો એકટની કલમ–૨(ડી) ટાંકવી જરૂરી છે જે નીચે મુજબ વાંચી શકાય છે.

**Section 375 of IPC**

**375. Rape**

A man is said to commit "rape" if he -

(a) Penetrates his penis, to any extent, into the vagina,

mouth, urethra or anus of a woman or makes her SO with him or any other person; or to do

(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

as to (c) manipulates any part of the body of a woman so cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman lor makes her to do so with him or any other person, under the circumstances falling under any of the following seven descriptions:

First :-

*

Secondly: *

Thirdly :-

Fourthly :-

Five :-

Sixthly With or without her consent, when she is under

eighteen years of age.

Seventyly:-

**Section 2 (D) of POCSO**

(d) "child" means any person below the age of [eighteen] years;

ઉપર નોંધ કરેલ છે તે મુજબ આરોપી વિરુધ્ધ જે તહોમતનામું ફરમાવવામા આવેલ છે તે કૃત્યમાં ભોગબનનારની સંમતિ હોય તો પણ તે મહત્વની રહેતી નથી તેવુ કાયદાથી પ્રસ્થાપિત થયેલ છે અને તે કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે. જેથી આ કામે બચાવ પક્ષ દ્વારા જે ભોગબનનાર અને આરોપી વચ્ચે જે સબંધો બંધાયેલ છે તે ભોગબનનારની સંમતિથી બંધાયેલ છે તેવો જે બચાવ પક્ષે બચાવ રજુ કરવામાં આવેલ છે અને ખાસ કરીને તેઓની દલીલોમાં જે બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ છે તે અત્ર ટકવા પાત્ર રહેતો નથી અને તે રીતે તે ધ્યાને લેવા પાત્ર રહેતો નથી.

(૨૫) ઉપરોકત હકીકતે આ કામે ફરીયાદપક્ષે જે ફરીયાદ આપેલ છે તેની ટુંક હકીકત એવી છે કે, ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર જેની ઉંમર આશરે ૧૭ વર્ષ જેની જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ છે તેને આ કામના આરોપી કપીલ દેવાભાઈ ચુડાસમાએ ગઈ તા. ૧૪–૪–૨૦૨૪ થી તા. ૩૦–૪–૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન માધવપુર ગામે કારેવા વિસ્તારના ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદીના ઘરમાં રાત્રીના પ્રવેશ કરી તેની સગીર વયની દિકરીને ડરાવી ધમકાવી ભોગ બનનારની મરજી વિરુધ્ધ એકથી વધારે વખત શરીર સબંધ બાંધી જાનથી મારી નાખવાની ધમકી આપી આઈ.પી.સી. કલમ–૩૭૬(૨)(જે)(એન) તથા પોકસો એકટની કલમ–૪,

૬, ૮ મુજબનો ગુન્હો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી સામે આં ક–૧૩ થી તહોમતનામુ ઘડવામાં આવેલ છે. આમ ઉપરોકત હકીકતો ધ્યાને લઈ ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા આ કામે ફરીયાદક્ષે આંક–૩૦ થી ફરીયાદી લાભુબેન સગારકા એટલે કે, ભોગ બનનારના માતાની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. ફરીયાદીએ તેમની જુબાનીમાં સરતપાસમાં નીચે મુજબની હકીકતો જણાવેલ છે '' મારે સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે મોટાનું નામ જગદીશ અને ભોગબનનાર છે અને પછી નાનો સતીષ છે. ભોગબનનાર દિકરીની અંદાજે ૧૮ વર્ષ ચાલુ હશે. મારી બાજુમાં દક્ષાબેન રહે છે. દક્ષાબેનના ભાઈનું નામ કપીલ(આરોપી) છે. આ દક્ષાબેન સાથે અમારે ઘર જેવો સંબંધ હતો અને અમારે તેના ઘરે અવવા જવાનો વ્યવહાર હતો, આ લોકો પણ અમારા ત્યાં આવતા જતા હતા અને અમો પણ તેને ત્યાં આવતા જતા હતા. દક્ષાબેનને મારી ભોગબનનાર દિકરી મામી કહીને બોલાવતી હતી. તેને દક્ષાબેનને ત્યાં ઘર કામમાં મદદ કરવા પણ મારી ભોગબનનાર દિકરી ત્યાં જતી હતી. મારી ભોગબનનાર દિકરી પાસેથી મોબાઈલ મળી આવેલ અને આ મોબાઈલ વિશે પુછતા મારી ભોગબનનાર દિકરીએ કહેલ કે મને દક્ષાબેનએ રીંગણા લેવા માટે બોલાવેલ ત્યારે આ મોબાઈલ આપેલ હતો. આ મોબાઈલ બાબતે મે તેને ઠપકો આપેલો. મારી ભોગબનનાર દિકરીએ મને કહેલ કે, દક્ષાબેન પોતાના મોબાઈલમાંથી મારી દિકરીને તેના ભાઈ કપીલ સાથે વાત કરાવતાં હતા અને દક્ષાબેનએ મોબાઈલમાંથી ફોન કરી તેનાભાઈ કપીલને તેના ઘરે બોલાવેલ અને મારી ભોગબનનાર

દિકરી સાથે દક્ષાબેનએ કપીલ સાથે તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બંધાવેલ. આ બનાવ પ્રથમ દક્ષાબેનના ઘરે બનેલો. બીજી વાર અમો તથા મારા પતિ ક્રિયામાં બહાર ગામ ગયેલ હતા ત્યારે મારી ભોગબનનાર દિકરી ઘરે એકલી હતી ત્યારે રાત્રીના કપીલ(આરોપી) અમારા ઘરે આવેલો અને ત્યાં તેને મારી ભોગબનનાર દિકરીના કપડા કાઢી નાખેલા અને મારી દિકરી સાથે ખરાબ કામ કપીલે કરેલુ. આ ખરાબ કામ એટલે મારી ભોગબનનાર દિકરી સાથે કપીલે શરીર સંબંધ બાધેલો. તેની સાથે બળજબરીથી શરીર સંબંધ બાધેલો. પછી મે આ બનાવ અંગેની મારા ઘરવાળાને વાત કરેલી અને આ બનાવ અંગે મે માધવપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી.'' સાથે સાથે ફરીયાદીની ઉલટ તપાસ વંચાણે લેતા બચાવપક્ષે ફરીયાદ હકીકત વિરુધ્ધની કોઈ હકીકતો લાવી શકેલ નહી ઉલટાનું ફરીયાદપક્ષે જે સવાલ પુછેલ છે તેનાથી એ હકીકત પુરવાર થાય છે કે, આરોપીના બહેન દક્ષાબેન તથા ફરીયાદીનું ઘર જોડાજોડ એટલ ` કે એકબીજાના પાડોશી છે અને ભોગ બનનાર પાડોશી હોવાને નાતે દક્ષાબેનને ત્યાં જતાં કે જેને ભોગ બનનાર મામી કહી બોલાવતા ત્યાં તેના ભાઈ એટલે કે આરોપી આવતો અને તેણે સગીર ભોગ બનનાર સાથે બળજબરીથી સબંધ બાંધવાનો પ્રયત્ન કરેલ અને ભોગ બનનારને આરોપીએ મોબાઈલ ફોન બળજબરીથી આપેલ તથા આરોપીને ભોગ બનનાર સાથે પ્રેમ સબંધ હોવાનું ઠરાવી જુદાજુદા અનેક સવાલોથી બચાવપક્ષે પ્રયત્ન કરેલ છે પરંતુ ફરીયાદ આંક–૩૧ તથા ફરીયાદીએ સરતપાસમાં જણાવેલ હકીકત એકબીજાને સમર્થન

આપે છે અને વિરુધ્ધની કોઈ હકીકત બચાવપક્ષે રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૨૬) આ કામે ભોગ બનનારને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. ભોગ બનનારે તેની જુબાનીમાં સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''મારા પપ્પાનું નામ ઉકાભાઈ છે અને મમ્મીનું નામ લાભુ બેન છે. સતિષ સૌથી નાનો છે. મારી જન્મ તા.૧૪/૭/૨૦૦૭ છે. હું ધોરણ ૮ સુધી ભણેલ છુ. ધોરણ ૧ થી ૮ પ્રાથમિક શાળા, મુળ માધવપુરમાં ભણેલ છુ. અમારી બાજુ દક્ષાબેન રહે છે. હું દક્ષાબેનને મામી કહીને બોલાવુ છુ. મારે તેના ઘરે જવાનું થતુ નહી, પહેલાં જતાં હતા. દક્ષાબેનના ભાઈનું નામ કપીલ(આરોપી) છે. તે પહેલાંથી ત્યાં આવતો જતો હતો. અમારે એકબીજાને દક્ષાબેનના ઘરે આવીએ ત્યારે રૂબરૂ મળવાનું થતુ હતુ. દક્ષાબેન પહેલાં તેના ઘરે બોલાવતા અને તેના ફોનમાંથી વાત કરવાનું કહેતા હતા. બનાવના એક વર્ષ પહેલાં મારા મમ્મી પપ્પા અમારા કુટુંબમાં મરણ થઈ ગયેલ ત્યાં ક્રિયામાં ગયેલા અને રાત્ર રોકાયેલ હતા. ત્યારે રાત્રીના મારા ઘરે કપીલને દક્ષાબેનએ બોલાવેલ હતા અને દક્ષાબેન કપીલને અમારા ઘરે મુકવા આવેલા. ત્યારે હું મારા ઘરે એકલી હતી. પછી કપીલએ આબરૂ લીધી. મારા શરીરને પ્રથમ ઝડપલા લીધેલ પછી મારા કપડા કાઢીને શરીર સંબંધ બાધેલો. મે તેને ના પાડેલ છતાં મારી સાથે શરીર સંબંધ બાધેલ અને તું આમ નહી કરવા દે તો તને તથા તારા મા બાપને મારી નાખીશ તેવી ધમકી આપેલી. પછી તે જતો રહેલો. આ બનાવ અગાઉ તે તેની બેન દક્ષાબેનના ઘરે આવેલ ત્યારે પણ દક્ષાબેનના ઘરમાં મારી સાથે મારી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલો અને મારી સાથે કપીલએ શરીર સંબંધ બાંધેલા

તેની વાત મે મારા મમ્મીને કરેલી અને આ બનાવ અંગે મારી મમ્મીએ પોલીસમાં ફરીયાદ આપેલી. પોલીસે પુછપરછ કરી મારો જવાબ લીધેલો પરંતુ બધી હકિકત પોલીસે લખેલી નહી. બનાવ અંગે મે કોર્ટમાં જજ સાહેબ સમક્ષ પણ હકિકત લખાવેલી. પોલીસ પાસે બનાવ વખતે પહેરેલ કપડાઓ રજુ કરેલા. બનાવવાળી જગ્યા મે પોલીસને બતાવેલી.''

ભોગ બનનારની ઉપરોકત જુબાની વંચાણે લેતા ઉલટ તપાસમાં બચાવપક્ષે ભોગ બનનાર તથા આરોપી વચ્ચે પ્રેમ સબંધ હોવાનું ઠરાવી અનેક સવાલો પુછેલ છે પરંતુ તેનો ભોગ બનનારે સ્પષ્ટ ઈન્કાર કરેલ છે અને આંક–૩૧ વાળી ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે. તથા ભોગ બનનારના મહે. એડી. ચીફ જયુડી. મેજી.શ્રી રુબરુ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબ જે નિવેદન આપેલ તે આ કામે આંક–૨૬ થી રજુ છે તે તમામ હકીકતો ભોગ બનનારે તેની સર તપાસમાં જણાવેલ છે અને આમ ભોગ બનનારે સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબ એડી.ચીફ જયુડી.મેજી. સાહેબ રુબરુ લેવામાં આવેલ નિવેદનને પણ સંપુર્ણ ટેકો આપેલ છે. વધુમાં આંક–૨૭ થી ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે જેમાં તેનો જન્મ તારીખ ૧૪–૭–૨૦૦૭ ના રોજ દોલતગઢ મુકામે થયેલ તેનું અસલ પ્રમાણપત્ર રજુ કરેલ છે તેને પણ મૌખિક જુબાનીથી સમર્થન આપે છે.

(૨૭) આમ ભોગ બનનારની ઉપરોકત જુબાનીમાં પણ મહત્વનો કોઈ વિરોધાભાસ જણાય આવતો નથી અને આ કામના આરોપીએ ભોગ બનનાર સાથે તેની બહેનના ઘરે બળજબરીથી તેની સાથે શરીર સબંધ બાંધેલ

તથા ત્યારપછી ભોગ બનનારના માતા–પિતા કોઈની (ક્રિયા) બેસણામાં ગયેલા હોય અને રાત્રે તેણી એકલી હોય તેની એકલતાનો લાભ લઈ આરોપીએ તેની સાથે બળજબરીથી શરીર સબંધ બાંધેલાની હકીકતને સમર્થન આપે છે તથા જો તે આ હકીકત કોઈને કહેશે તો આરોપીએ તેના મા–બાપને જાનથી મારી નાખવાની ધમકી આપેલ તે હકીકતને સમર્થન આપે છે.

(૨૮) આ કામે આંક–૩૨ થી ડો. દક્ષાબેન ભોજાભાઈ પરમારને તપાસવામાં આવેલ. તેઓએ ભોગ બનનારની શારીરીક તપાસથી કરેલ. જેમાં ભોગ બનનારનું યોનીપટલ જુનુ તુટેલ હતુ અને સંભોગની શકયતા નકારી શકાય નહી પરંતુ ભોગ બનનાર સાથે બળજબરીના કોઈ નિશાન જણાતા નથી. તેવુ તેમની જુબાનીમાં જણાવે છે તથા આંક–૩૩ થી પોલીસ યાદી, આંક–૩૪ થી મેડી. સર્ટી. તથા આંક–૩૫ થી ઈન્જરી સર્ટી. તેમની જુબાનીના સમર્થનમાં રજુ કરેલ છે.

આ કામે આંક–૩૭ થી ફરીયાદપક્ષે ડો. હેતલબેન કિશોરભાઈ ચાંદેગરાને તપાસેલ છે કે જે ફરીયાદ આપ્યા બાદ ભોગ બનનારને તેમની પાસે શારીરીક તપાસ માટે સૌ પ્રથમ લઈ આવેલ તેઓ તેમની આંક–૩૭ ની જુબાનીમાં પેરા–૨ માં ભોગ બનનારને તેઓએ પુછતાં જે હીસ્ટ્રી લખાવેલી તે જીચે મુજબ છે. '' ગઈ તા.૧૫/૪/૨૪ થી તા.૩૦/૪/૨૪ ના અરસામાં આરોપી તેમના બહેન (દક્ષાબેન કાનાભાઈ ભરડા) ના ઘરે ભોગબનનારને રાત્રીના સમયે ધમકાવી બોલાવતા અને એક થી વધુ વખત શરીર સંબંધ બાધેલ તથા ભોગબનનારના માતા પિતાની ગેરહાજરીમાં

ભોગબનનારના ઘરે આવી પણ શારીરિક સંબંઘ બાંઘેલ તેવું ભોગબનનારે કહેલ''  તથા ભોગ બનનારની શારીરીક તપાસ પરથી ભોગ બનનાર સાથે સંભોગની શકયતા નકારી શકાય તહી તેવુ તેમણે તેમના અભિપ્રાયમાં જણાવેલ છે. સાથેસાથે ઉપરોકત સાહેદ ડો. હેતલબેન ચાં દેગરાએ આ કામના આરોપીની પણ શારીરીક ચકાસણી કરેલી અને આરોપીએ તેમની સમક્ષ હીસ્ટ્રીમાં જણાવેલ છે કે, '' ભોગબનનાર સાથે એક પણ વાર ઘમકાવી કે જોર જબરજસ્તી કરેલ નથી. બં નેએ મરજીથી શારીરિક સંબંઘ બાંઘેલ. આરોપીના કહેવા મુજબ પોતે અંદાજે છ મહીના પહેલા ભોગબનનારને મોબાઈલ ફોન આપેલ.'' આમ ઉપરોકત સાહેદ કે જે મેડીકલ ઓફીસર છે અને સ્વતંત્ર સાહેદ છે તેઓ તેમની જુબાનીમાં ભોગ બનનારે જે હીસ્ટ્રી જણાવેલ તે અક્ષરશ: લખાવેલ છે તે વંચાણે લેતા ભોગ બનનાર સાથે આ કામના આરોપીએ તેના બહેન દક્ષાબેનના ઘરે રાત્રીના સમયે ડરાવી ઘમકાવી એકથી વઘુ વખત શરીર સબંઘ બાંઘેલ તથા ભોગ બનનારના માતા પિતાની ગેરહાજરીમાં પણ ભોગ બનનારના ઘરે આવી અને આરોપીએ શરીર સબંઘ બાંઘેલાની હકીકતને સમર્થન મળે છે. સાથે સાથે આરોપીએ તેની હીસ્ટ્રીમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ભોગ બનનાર સાથે જોર જબરજસ્તી કરેલ નથી બન્નેએ મરજીથી શરીર સબંઘ બાંઘેલ અને આરોપીએ ભોગ બનનારને મોબાઈલ ફોન આપેલ હોવાની હકીકત પણ કબુલેલ છે. આમ ઉપરોકત સાહેદની જુબાજીમાં જે ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસણી વખતે જે હીસ્ટ્રી લખાવેલ છે તે વંચાણે લ ેતા પણ આંક–૩૧ વાળી ફરીયાદને સંપુર્ણ સમર્થન મળે છે.

(૨૯) આ કામે આંક–૪૮ થી એભાભાઈ કરશનભાઈ કે જે પંચ છે તેને તપાસવામાં આવેલ છે. જેમાં ઉપરોકત પંચ સાહેદે ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા ભોગ બનનારના કપડા કબજે લેવામાં આવેલ તેને તથા કપડા કબજે કરતી વખતે તે બેગીમાં મુકવા માટે રહેલ કાપલીની સહીને પણ તેઓ ઓળખી બતાવે છે તથા આરોપીના કપડા કબજે લેવામાં આવેલ તે પંચનામાને પણ સમર્થન આપે છે. આમ આંક–૪૯ ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૫૦ ભોગ બનનારના કબજે લીધેલ કપડા, આંક–૫૫ આરોપીના કબજે લીધેલ કપડાના પંચનામાને ઉપરોકત પંચ સાહેદે તથા મેડીકલ ચકાસણી માટે આરોપી તથા ભોગ બનનારના બ્લડ સેમ્પલ લેવામાં આવેલ તે આંક–૫૮ ના પંચનામાને સમર્થન આપે છે. ઉપરોકત પંચ સાહેદની ઉલટ તપાસમાં કોઈ વિરુધ્ધની હકીકતો બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૩૦) આંક–૫૯ થી આર.બી. મોરી પી.એસ.આઈ. માધવપુર પો.સ્ટે. ની જુબાની ફરીયાદપક્ષે લેવામાં આવેલ છે. તેઓએ આંક–૩૧ વાળી ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલ અને તે ફરીયાદ સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરી તે એન્ટ્રી આંક–૬૦ ને સમર્થન આપે છે. ત્યારબાદ આંક–૬૧ થી તપાસ સંભાળી લેવા માટે કરેલ યાદી, આંક–૬૨ થી કરેલ વીએચએફ મેસેજ, આંક–૬૩ થી સ્પે. રીપોર્ટ, આંક–૬૪ થી ગુનાના કામે કરેલ વીએચએફ મેસેજ તથા આંક–૬૫ થી સરકારી હાસ્કુલના માધવપુરના આચાર્યને પંચ ફાળવવા માટે કરેલ યાદીને તેઓ સમર્થન આપે છે. આમ તેઓએ તેમની ફરજ

દરમ્યાન ફરીયાદીની ફરીયાદ લીધેલ અને તે કામે કરેલ કાર્યવાહીને સં પુર્ણ સમર્થન આપે છે.

(૩૧) આંક–૬૨ થી સાહેદ જીવીબેન હાજાભાઈ કડછાને તપાસેલ છે. તેઓ માધવપુર મુકામે ફરજ બજાવતા હતાં ત્યારે પંચો ફાળવવા માટે જે યાદી કરેલ તેને ઓળખી બતાવે છે અને તેને સમર્થન આપે છે.

(૩૨) આંક–૬૬ થી ત.ક.અ. પી.આઈ. સુભાષભાઈ ગામેતીની જુબાની ફરીયાદપક્ષે લેવામાંઆવેલ છે. તેઓએ તપાસ સંભાળ્યા બાદ ફરીયાદ હકીકતથી વાકેફ થઈ ગુનાવાવળી જગ્યાનું પંચનામુ કરેલ, સાહેદોના નિવેદનો લીધેલ આરોપી તથા ભોગ બનનાર મળી આવતા મહીલા પોલીસ કર્મચારી તથા સામાજીક કાર્યકર્તાની હાજરીમાં નિવેદન લીધેલ અને ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ તપાસ માટે તેને સરકારી હોસ્પીટલમાં મોકલેલ. ભોગ બનનરનું કલમ–૧૮૩ મુજબ નિવેદન મહે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબ સમક્ષ રેકર્ડ કરવામાં આવેલ ત્યારબાદ જે મેડીકલ તપાસણી વખતે ભોગ બનનાર તથા આરોપીના સેમ્પલો લેવામાં આવેલ તે પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. ને મોકલી આપેલ તથા ભોગ બનનારના પ્રમાણપત્રની તલાટી મંત્રી દોલતગઢ પાસે ખરાઈ કરી અને તપાસના કામે કબજે લીધેલ. ભોગ બનનારનું મેડી. સર્ટી. , બનાવવાળી જગ્યાનો એફ.એસ.એલ. રીપોર્ટ તથા એફ.એસ.એલ. તરફથી આવેલ પરીક્ષણ અહેવાલ અને ફરીયાદીની ફરીયાદ, સાહેદોના નિવેદનો પંચનામા વિગેરે વંચાણે લેતા આરોપી સામે આઈ.પી.સી. કલમ–૩૭૬(૨)(જે)(એન) મુજબના ગુનાનો પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને તપાસ કરનાર અધિકારી

આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓની કામગીરી સમયે કબજે લેવામાં આવેલ દસ્તાવેજો આંક–૬૭ થી આંક–૭૬ સુધીના તેઓ ઓળખી બતાવી અને તેની જુબાનીના કામે રજુ રાખેલ છે. આમ ત.ક.અ.ની જુબાની વંચાણે લેતા પણ આંક–૩૧ વાળી ફરીયાદ તથા ભોગ બનનાર સાથે આરોપી ધાક ધમકી આપી સગીર હોવાનું જાણવા છતાં જે શરીર સબંધ બાંધેલ તે હકીકત પુરવાર થાય છે. બચાવપક્ષે કોઈ વિરુધ્ધની હકીકતો રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૩૩) આંક–૮૦ થી આરોપી તરફે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જેમાં ભોગ બનનારની જુબાની તથા ફરીયાદ તથા ભોગ બનનારનું કલમ–૧૬૪ નું નિવેદન એકસાથે વંચાણે લેતા મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે અને જેથી ફરીયાદપક્ષના પુરાવામાં શંકા ઉભી થતી હોય અને જયારે શંકા ઉભલ થતી હોય ત્યારે તે પુરાવાને આધારે આરોપીને પોકસો જેવા ગંભીર ગુનામાં સજા કરી શકાય નહી તેવી તેમની રજુઆત છે તથા તેઓએ નામ. ગુજરાત હાઈકોર્ટના જયરાજસિંહ આર. જાડેજા વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવા જણાવે છે જે નીચે મુજબ છે.

(એ) ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ – કલમ ૩૬૩, ૩૬૬ અને ૩૭૬ શોષણ સામે રક્ષણનો અધિનિયમ, ૨૦૧૨ – કલમ ૩(એ), ૪ અને ૧૮ પીડિતાનું નિવેદન. બાળકોના પ્રતિય પુરાવાનું મૂલ્યાંકન ઠરાવવામાં આવ્યુંલ જાતિય ગુનાના કેસોમાં પીડિતાનું નિવેદન એક માત્ર આધાર બની શકેલ પરંતુ નિવેદન સંપૂર્ણપણે વિશ્વસનીયલ સુસંગત અને સ્ટલિંગ સાક્ષીના

ધોરણને પૂર્ણ કરતું હોવું આવશ્યક છેઈ જયાં પીડિતાની જુબાની તબીબીલ ફોરેન્સિક અને સાંયોગિક પુરાવાની કસોટી પર વિસંગતતાથી ઘેરાયેલ હોય ત્યાં તેના આધારે દોષારોપણ ટકાવી શકાય નહી.

ફોજદારી ઈન્સાફી કાર્યવાહી તબીબી અને ફોરેન્સિક પુરાવા વિસંગતતા -- તેની અસર ઠરાવવામાં આવ્યું. જયાં તબીબી અને ફોરેન્સિક પુરાવા ફરિયાદપક્ષના વર્ણનને સમર્થન આપતા ના હોય અને પીડિતાએ વિવિધ તબીબો સમક્ષ આપેલી બનાવની વિગતો રસ્પર વિરુધ્ધ અને મહત્વપૂર્ણ તફાવતો ધરાવતી હોય, ત્યાં આવા પુરાવા ફરિયાદપક્ષના કેસની વિશ્વસનીયતાને ગંભીર નુકસાન કરે છે. નીચલી અદાલત દ્વારા તબીબી અભિપ્રાયની ખોટી નોંધ કે ખોટું મૂલ્યાંકન કરવામાં કરવામાં આવે તો દોષારોપણના નિર્ણય પર પ્રતિકૂળ અસર પડે. (પેરા ૩૧-૩૩,૩૬-૩૮)

સી) ફોજદારી ન્યાયશાસ્ત્ર - બિન શંકાસ્પદ પુરાવો શંકાનો લાભ.

ઠરાવવામાં આવ્યું. ફરિયાદપક્ષ પર પોતાનો કેસ બિન શંકાસ્પદ રીતે પુરવાર કરવાની ફરજ છે અને બચાવપકાની નબળાઈઓનો લાભ ફરિયાદપક્ષ મેળવી શકતો નથી - - જયાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ ઘટનાક્રમ વિશ્વસનીય ના હોય, ઘટના સ્થળ, જપ્ત કરાયેલ કપડા અને સમર્થક પુરાવાની ગેરહાજરી અંગે મહત્વપૂર્ણ વિસંગતિઓ હોય, ત્યાં આરોપીને શંકાનો લાભ મેળવવાનો હક્ક - છે. (પેરા ૧૭-૨૧,૨૯, ૩૭-૪૧)

ઉપરોકત નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંતો તેમજ આ ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતના જે ચુકાદાઓ રીફર થયેલા છે તેના ઉપર અમો આધાર રાખીએ છીએ અને જે હાલના કેસને સંપુર્ણ પણે ફીટ બેસતો ચુકાદો છે. તેમજ આ કામમાં તહોમતદનામા મુજબનુ તહોમત સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ જતા હોય અને ઉપર ચર્ચા

કર્યા મુજબ બનાવ સબંધે મટીરીલ કોન્ટ્રાડીકસન હોય તેવા સંજોગો માં ન્યાયના હિતમાં જયારે ક્રિમીનલ જયુરીસપોન્ડનના સિધ્ધાંત મુજબ વ્યાજબી શંકા થી પર હોય તે રીતે કેસ ફરીયાદ પક્ષે સાબીત કરવો જોઈએ અન્યથા તેનો લાભ આરોપીને મળે અને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.

(૩૪) આમ ફરીયાદપક્ષે જે પુરાવો આપેલ છે તેમાં ભોગ બનનાર બનાવ સમયે ૧૭ વર્ષની ઉંમરના છે તેવુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે રેકર્ડ પર પુરવાર થયેલ છે. અને ફરીયાદી, તથા ભોગ બનનાર અને ડો. હેતલબેન ચાંદેગરા સમક્ષ ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ હીસ્ટ્રી લેવામાં આવેલ તે વંચાણે લેતા ફરીયાદપક્ષ આંક–૩૧ વાળી ફરીયાદમાં જણાવેલ હકીકતો કે આ કામના આરોપી કપીલ દેવાભાઈ ચુડાસમાએ ગઈ તા. ૧૪–૪–૨૦૨૪ થી તા. ૩૦–૪–૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન માધવપુર ગામે કારેવા વિસ્તારના ફરીયાદીના રહેણાંક મકાને ફરીયાદીના ઘરમાં રાત્રીના પ્રવેશ કરી તેની સગીર વયની દિકરીને ડરાવી ધમકાવી ભોગ બનનારની મરજી વિરુધ્ધ એકથી વધારે વખત શરીર સબંધ બાંધી જાનથી મારી નાખવાની ધમકી આપી આઈ.પી.સી. કલમ–૩૭૬(૨)(જે)(એન) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબનો ગુન્હો કરેલાનો આક્ષેપ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો વિશ્વસનીય અને આધારભુત છે તથા તેને મેડીકલ એવીડન્સ તથા દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે અને જયારે બચાવપક્ષ એવો કોઈ મહત્વનો બચાવ રેકર્ડ પર લાવી શકેલ ન હોય ત્યારે તેઓ જે ચુકાદા પર આધાર રાખે છે તે ચુકાદા હાલના કેસમાં લાગુ પડતા નથી. આમ

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી તરફે લેવામાં આવેલ તમામ બચાવ ગ્રાહય રાખવાપાત્ર  જણાતા નથી. હાલના કેસમાં ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય જણાય છે. ભોગ બનનારના પુરાવા પરથી ફરીયાદ પક્ષના કેસની સત્યતાની ખાત્રી થાય છે. ભોગ બનનારનો પુરાવો સ્વીકાર્ય, વાસ્તવિક તેમજ એકરુપ જણાય છે. ભોગ બનનાર ટયુટર્ડ હોય તેમ જણાતુ નથી. જેથી ભોગ બનનારના પુરાવાને અન્ય સમર્થનકારી પુરાવાની જરુરીયાત નથી. તેમ છતાં આ કામે ભોગ બનનારના પુરાવાને ફરીયાદીના પુરાવા તેમજ અન્ય પંચનામા સ્વરુપના પુરાવા તથા મેડીકલ પુરાવાનું પુરેપુરુ સમર્થન પ્રાપ્ત થયેલ છે. આમ આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધના આક્ષેપોને નિ:શંકપણે પુરવાર કરેલ છે. બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયની બાળકી હતી તેવી હકીકત પણ પુરવાર થાય છે.

(૩૫) આ તબકકે પોકસો એકટની કલમ–૨૯ તથા કલમ–૩૦ ની જોગવાઇ ધ્યાને લેવી જરુરી જણાય છે જે નીચે મુજબ છે.

***Section 29. Presumption as to certain offences.***

***Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under sections 3, 5, 7 and section 9 of this Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to commit the offence, as the case may be unless the contrary is proved.***

***Section* 30**. **Presumption of culpable mental state.**—(1) In any prosecution for any offence under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall

presume the 13 existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.

(2) For the purposes of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond reasonable doubt and not merely when its existence is established by a preponderance of probability.

Explanation.—In this section, "culpable mental state" includes intention, motive, knowledge of a fact and the belief in, or reason to believe, a fact

(૩૬) ઉપરોકત જોગવાઇ ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરેલ છે. ફરીયાદપક્ષના મુળભુત કેસની હકીકતો પુરવાર થયેલ છે. આરોપી તરફે તેનાથી વિરુધ્ધની કોઇ હકીકતો રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં કલમ–૨૯ નું અનુમાન ફરીયાદપક્ષના લાભમાં કરવાનું થાય છે.આમ આ કામે ઉપરોકત સમગ્ર ચર્ચા અનુસાર આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૬(૨)(જે)(એન)લ ૫૦૬(૨), ૪૪૭ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબ આરોપી સામે આંક–૧૩ થી જે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તે તહોમતનામા મુજબનો ગુન્હો ફરીયાદપક્ષ શંકાથી પર રહીને હાથ પરના કેસમાં સાબીત કરે છે તેમ હુ માનુ છે અને જેથી **મુદા નં. ૨ તથા ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

(૩૭) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી વિરુધ્ધના ગુન્હા પુરવાર થતા હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુકમ :</u>**

૧. આરોપી કપીલકુમાર દેવાભાઈ ચુડાસમા ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૭૬ (૨)(જે)(એન), ૫૦૬ (૨), ૪૪૭ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આરોપીને સજા અંગે સાંભળવા માટે રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૧ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૧/૦૪/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701

(૩૮) સજાના મદ્દે સાંભળ્યા. આરોપી તરફે વિ. વ.શ્રી જે. એ. ભટ્ટીની રજુઆત છે કે, આરોપી એક માત્ર પુત્ર સંતાન છે. વૃધ્ધ મા–બાપ છે. કમાનાર એકમાત્ર વ્યકિત છે. આરોપીની ઉંમર નાની છે. જે હકીકત ધ્યાને લઇ ઓછી સજા કરવા વિનંતી કરે છે. જયારે ફરીયાદપક્ષે સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા જણાવે છે કે, નામ. કોર્ટે જયારે કેસ પુરવાર માનેલ હોય અને જે કલમો સાબીત માનેલ હોય તેમાં જે જોગવાઇ છે તે મુજબ સજા કરવા અરજ કરે છે.

(૩૯) આ કામે સજાના મુદ્દે આરોપીના વિ.વ.શ્રી જે. એ. ભટ્ટી તથા ફરીયાદપક્ષે વિ. ડી.જી.પી. શ્રી એસ.બી. જેઠવા સાંભળ્યા. આ કામના આરોપી સામેના આક્ષેપની હકીકતોને ધ્યાને લેતા આરોપીએ ફરીયાદીના ઘરે રાત્રીના પ્રવેશ કરી ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનારને ડરાવી ધમકાવી તેણીની ઇચ્છા વિરુધ્ધ બળાત્કાર કરેલાનો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ છે તે આંક–૧૩ તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૬(૨)(જે)(એન), ૫૦૬(૨), ૪૪૭ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુન્હામાં નીચે મુજબની સજા અને દંડ કરવાનું વ્યાજબી માનુ છું.

(૪૦) આ તબકકે પોકસો કલમ–૪૨ ધ્યાને લેવી જરુરી જણાય છે. જેની જોગવાઇ નીચે મુજબ છે.

**"42. Where an act or omission constitutes an offence punishable under this Act and also under sections 166A, 354A, 354B, 354C, 3540, 370, 370A, 375, 376, 376A, 376C, 3760, 376E or section 509 of the Indian Penal Code, then, notwithstanding anything contained in any law for the**

**time being in force, the offender found guilty of such offence shall be liable to punishment under this Act or under the Indian Penal Code as provides for punishment which is greater in degree."**

(૪૧) ઉપરોકત જોગવાઈ જોતા હાલના કેસમાં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૭૬ (૨)(જે)(એન), ૫૦૬ (૨), ૪૪૭ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબ પણ આરોપીને તેની સામેનો ગુન્હો સાબીત થયાનું અને તકસીરવાન ઠરાવેલ છે અને તે રીતે આઇ.પી.સી. કલમ-૩૭૬(બી.એન.એસ. કલમ-૬૪) ના ગુન્હા સબબ નવા સુધારા પ્રમાણે કરવામાં આવેલ સજા અંગેની જોગવાઈ ધ્યાને લઈએ તો તેમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની અને મહત્તમ આજીવન કેદની સખત કેદની સજાની જેમાં આજીવન કેદની આરોપીના કુદરતી મૃત્યુ ન થાય ત્યાં સુધી ગણવાની જોગવાઈ છે અને દંડની જોગવાઈ છે. જયારે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૪ એકટની કલમ-૪ માં જો બનાવ સમયે ભોગ બનનાર ૧૬ વર્ષથી ઓછી ઉંમરની હોવાનું સાબીત થાય ત્યારે ઓછામાં ઓછી ૨૦ વર્ષની સખત કેદ અને દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કામે ઉપરોકત જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમના સજાના સંદર્ભમાં અને સરકારી વ.શ્રીની રજુઆત તથા કાયદાકીય જોગવાઈ મુજબ આરોપીને આઇ.પી.સી. કલમ-૩૭૬(૨)(જે)(એન) મુજબ અલગ સજા કરતો નથી પરંતુ તેની સામે પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબનો ગુન્હો સાબીત થયેલાનું કોર્ટે ઠરાવેલ છે ત્યારે તે મુજબ તે ગુનામાં સજા કરવાનું ઠરાવુ છું.

**ભોગ બનનારને કમ્પેન્સેશન**

(૪૨ ) હાલના કેસમાં ભોગ બનનાર એક ૧૭ વર્ષની નાની બાળકી બનાવ સમયે હતી. ભોગ બનનારને આ બનાવ થકી શારીરીક અને માનસીક આઘાત તથા ઈજા પહોંચેલ હોય તે સ્વાભાવિક છે. ગુજરાત સરકારની વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ ધ્યાને લેતા આ પ્રકારના કિસ્સામાં ભોગ બનનારને વળતર ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ભોગ બનનારની કુમળી વયની ઉંમરને ધ્યાને લેતા સદર વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે જણાવવામાં આવેલ અને જોગવાઈ કરવામાં આવેલ રકમ મુજબ ભોગ બનનારને વળતર ચુકવવાનું થાય છે. જે મુજબ રેપના કિસ્સામાં ભોગ બનનારને ઓછામાં ઓછી રકમ રુપિયા ચાર લાખ અને મહત્તમ રુપિયા સાત લાખ અને જો ભોગ બનનાર સગીર વયની હોય તો જોગવાઈ મુજબની રકમ કરતા ૫૦ % રકમ વધારે આપવાની જોગવાઈ છે. હાલના કેસમાં ભોગ બનનાર ૧૬ વર્ષ ૦૯ માસની નાની બાળકી છે અને ભોગ બનનાર વિરુધ્ધ આરોપીએ રેપ કર્યા અંગેનો ગુનો સાબીત થયેલ છે. જેથી ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે રુપિયા ૪,૦૦,૦૦૦/– (અંકે રુપિયા ચાર લાખ પુરા) જેમાં વચગાળાના વળતરની રકમ અગાઉ ચુકવેલ હોય તો તે રકમ બાદ થયા પછીથી બાકી રહેતી રકમ ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે વળતર તરીકે ચુકવવામાં આવે તો તે યોગ્ય જણાય છે.

(૪૩) આરોપીને આ કેસમાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **: હુ ક મ :**

**૧)** આ કામના આરોપી કપીલકુમાર દેવાભાઈ ચુડાસમા ને માધવપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ગુ.ર.નં.પાર્ટ બી–૧૧૨૧૮૦૧ ૭૨૪૦૧૯૦/૨૦૨૪, આઇ.પી.સી. કલમ–૩૭૬ (૨)(જે)(એન), ૫૦૬ (૨), ૪૪૭ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨)** આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪ મુજબના ગુના અન્વયે ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૨ (બે) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૩)** આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૬ મુજબના ગુના અન્વયે ૨૦ (વીસ ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૨ (બે) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૪)** આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૮ મુજબના ગુના અન્વયે ૦૫ (પાંચ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૫,૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો

વધુ ૦૧ (એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

**૫)** આ કામના આરોપીને આઇ.પી.સી. કલમ–૪૪૭ મુજબના ગુના અન્વયે ૦૩ માસની (ત્રણ) માસની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૧ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

**૬)** આ કામના આરોપીને આઇ.પી.સી. કલમ–૫૦૬(૨) મુજબના ગુના અન્વયે ૦૩ (ત્રણ્) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૧ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

**૭)** આ કામના આરોપીને આઇ.પી.સી. કલમ–૩૭(૨)(જે(એન) મુજબના ગુના સબબ અલગથી કોઇ સજા કરવામાં આવતી નથી.

**૮)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૭ મુજબ આરોપીએ ઉપરોકત તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

**૯)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ ની જોગવાઇ મુજબ આરોપીને ભોગવેલ સજા મજરે આપવી.

**૧૦)** આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ બીન કિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો અને જો અપીલ થાય તો અપીલ કોર્ટના હુકમ મુજબ નિકાલ કરવો.

**૧૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ ની જોગવાઇ અન્વયે આરોપીને આ ચુકાદાની સર્ટીફાઇડ નકલ વિનામુલ્યે તાત્કાલીક આપવી.

**૧૨)** આરોપી ધ્વારા ભરવામાં આવેલ દંડની રકમમાંથી રૂ ૨૫,૦૦૦/– ભોગ બનનારને વળતર પેટે ચુકવી આપવા.

**૧૩)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ ની જોગવાઇ અન્વયે આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, પોરબંદરને મોકલી આપવી.

**૧૪)** આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, પોરબંદરને, ભોગ બનનારને વળતર ચુકવવા માટે મોકલી આપવી.

**૧૫)** આ કામના આરોપીનું ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપીના નામનું સજા વોરંટ ઇસ્યુ કરવુ.

આ હુકમ આજરોજ તા. ૦૧ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701